RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 101* Date: 07.02.2022 Friday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

ભારતે તેનો સૌથી અમૂલ્ય રત્ન ગુમાવ્યો છે

## સૂર મલ્લિકા લતા મંગેશકરનું ૯૨ વર્ષની વયે નિધન

### લતાજીના નિધન પર બે દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે : આ દરમિયાન ત્રિરંગો અડધો ઝુકેલો રહેશે



મુંબઈ,

આજે સુર સમ્રાજ્ઞી લતા મંગેશકર કોરોના સામેની લડાઈ હારી ગયાં અને દુનિયાને અલવિદા કહી દીધું. આજે સવારે તેમણે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. લતાજીના નિધન પર બે દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. આ દરમિયાન ત્રિરંગો અડધો ઝુકેલો રહેશે. તેમના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે શિવાજી પાર્કમાં રાખવામાં આવશે. લતાજીનો પાર્થિવ દેવ બપોરે ૧૨:૩૦ વાગ્યે પ્રભુકુંજ સ્થિત ઘરે લઈ લતાજીના અંતિમ સંસ્કાર પણ શિવાજી પાર્ક સ્થિત સ્મશાનગૃહમાં સાંજે ૬:૩૦ વાગ્યે કરવામાં આવશે. ૮ જાન્યુઆરીએ ૯૨ વર્ષીય લતાજીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જે બાદ તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેઓ દાખલ થયાના સમાચાર પણ બે દિવસ પછી ૧૦ જાન્યુઆરીએ સામે આવ્યા હતા. તેઓ ૨૯ દિવસ સુધી કોરોના અને ન્યુમોનિયા બંને સામે એકસાથે લડી રહ્યા હતા. બ્રીચ કેન્ડી હોસ્પિટલના આઈસીયુમાં રાખવામાં આવ્યા હતા. લાંબા સમયથી લતાજીની સારવાર કરી રહેલા ડો.પ્રતાત સમધાનીની દેખરેખ હેઠળ તબીબોની ટીમ લતાજીની સારવાર કરી રહ્યા હતા. સારવાર દરમિયાન તેમની તબિયતમાં પણ સુધારો જોવા મળી રહ્યો હતો. તેને સતત દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો હતો. લગભગ ૫ દિવસ પહેલા તેમની તબિયતમાં પણ સુધારો થવા લાગ્યો હતો. ઓક્સિજન દૂર કરાયો હતો પણ ICUમાં જ રખાયા હતા. જો કે આજે તેમણે અંતિમ શ્વાસ લીધા છે. લતાજીએ લગભગ બે વર્ષ સુધી ઘરેથી બહાર નીકળ્યા ન હતા. તેઓ ક્યારેક-ક્યારેક સોશિયલ મીડિયા દ્વારા તેમના ચાહકોને સંદેશા આપતા હતા. વધતી જતી ઉંમર અને તબિયતને કારણે તેઓ પોતાના રૂમમાં જ વધુ સમય પસાર કરતા હતા. તેમના ઘરના સ્ટાફના એક મેમ્બરનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યા બાદ તેમનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. ૮ જાન્યુઆરીએ તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. લોકપ્રિય લતાજીના નિધનથી દેશમાં શોકની લહેર છવાઈ ગઈ છે. ચાહકો તેમના સાજાં થઈ જવાની દુઆ કરતાં હતાં, પરંતુ આજે કરોડો સંગીતપ્રેમીઓનું દિલ તૂટી ગયું. ૯૨ વર્ષીય લતાજીએ ૩૬ ભાષામાં ૫૦ હજારથી વધુ ગીતો ગાયાં હતાં. એક હજારથી વધુ ફિલ્મોમાં પોતાનો અવાજ આપ્યો હતો. ૧૯૬૦થી ૨૦૦૦ સુધી લતા મંગેશકરનાં ગીત વગર ફિલ્મ અધૂરી માનવામાં આવતી હતી. તેમનો અવાજ ગીત હિટ જશે, તેવી ગેરંટી હતી. વર્ષ ૨૦૦૦ પછી તેમણે ગાવાનું ઓછું કરી નાખ્યું હતું. છેલ્લે તેમણે ૨૦૧૫માં આવેલી ફિલ્મ 'ડોન્નો વાય'માં ગાયું હતું. અંદાજે ૮૦ વર્ષથી સંગીતની દુનિયામાં સક્રિય લતા મંગેશકરનો જન્મ ૨૮ સપ્ટેમ્બર, ૧૯૨૯ના રોજ મધ્યપ્રદેશના ઈન્દોરમાં થયો હતો. ૧૩ વર્ષની નાની ઉંમરથી તેમણે ગાવાનું શરૂ કર્યું હતું. લતાજીના પિતા પંડિત દીનાનાથ મંગેશકર સંગીતની દુનિયા તથા મરાઠી થિયેટરનું જાણીતું નામ હતું. તેમણે જ લતાજીને સંગીતનું શિક્ષણ આપ્યું હતું. પાંચ ભાઈ-બહેનમાં લતાજી સૌથી મોટાં હતાં. ત્રણ બહેનો આશા ભોસલે, ઉષા મંગેશકર, મીના મંગેશકર તથા ભાઈ હૃદયનાથ મંગેશકર છે. લતાજીને સંગીતની દુનિયામાં ૮૦ વર્ષ થઈ ચૂક્યાં છે. આ દરમિયાન તેમણે ૩૦ હજારથી વધુ ગીતો ગાયાં છે. ૨૦૦૧માં ભારત સરકારે તેમને ભારત રત્નથી સન્માનિત કર્યાં હતાં. ૧૯૮૯માં તેમને દાદા સાહેબ ફાળકે અવોર્ડથી નવાજમાં આવ્યાં હતાં.

## ખાનગી મેડિકલ કોલેજોમાં ૫૦% સીટ પર સરકારી સંસ્થાઓ જેટલી ફી




ન્યુદિલ્હી,

નેશનલ મેડિકલ કાઉન્સિલે ખાનગી મેડિકલ કોલેજો અને ડિમ્ડ યુનિવર્સિટીઓની ૫૦% મેડિકલ બેઠકો માટે ફીના નિયમો નક્કી કરી દીધા છે. હવે ખાનગી મેડિકલ કોલેજ આ ૫૦% બેઠકો પર પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ પાસેથી મનફાવે તેમ કેપિટેશન ફી વસૂલી નહીં શકે. આ બેઠકો માટે વિદ્યાર્થીઓએ રાજ્યની સરકારી મેડિકલ કોલેજો માટે નક્કી ફી જ ભરવાની રહેશે. જે કોલેજોમાં સરકારી ક્વૉટાની ૫૦% બેઠક નક્કી છે, ત્યાં ફીનું નવું માળખું પહેલા એ વિદ્યાર્થીઓને અપાશે, જે સરકારી ક્વૉટામાં પ્રવેશ લેશે. આ ઉપરાંત જે કોલેજમાં સરકારી ક્વૉટાની બેઠકો ૫૦%થી ઓછી છે, ત્યાં નક્કી સરકારી ક્વૉટા અને ૫૦% બેઠકોના અંતરની બેઠકો પર વિદ્યાર્થીઓને મેરિટ પ્રમાણે સરકારી ફીનો લાભ અપાશે. કેપિટેશન ફીના નિયમો સ્પષ્ટ નહીં હોવાથી ખાનગી કોલેજો મનફાવે તેમ ફી વસૂલતી. મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં કેપિટેશન ફીના નામે રૂ. એક કરોડ સુધી ફી લેવાતી. રાજસ્થાન અને બિહારમાં પણ રૂ. ૨૦ લાખથી ૫૦ લાખ સુધી ફી વસૂલાતી. નવા નિયમોથી ઓછામાં ઓછી ૫૦% બેઠકો પર મનમાની બંધ થઈ જશે. નવી કોલેજો પણ શિક્ષકોના વેતન અને અન્ય ખર્ચ વધુ હોવાના નામે મનમાની નહીં કરી શકે. જોકે, પહેલા વર્ષે ખર્ચનું ઓડિટ નહોતું થતું. એ સ્થિતિમાં નવી કોલેજો રાજ્યમાં થોડા વર્ષો પહેલા ખૂલેલી કોલેજ ફી પ્રમાણે ફી નક્કી કરશે. હોસ્પિટલમાં થતા ખર્ચના આધારે ફી નક્કી નહીં થાય. એમબીબીએસ, પીજી અને હોસ્પિટલ પર ખર્ચ પ્રમાણે જ ફી નક્કી થશે.

પરમાણુ બોમ્બ ફેંકવામાં સક્ષમ હોય હુમલાનું જોખમ વધ્યું

## રશિયાએ ટીયુ-૨૨એમ૩ ફાઈટર જેટ બેલારુસ મોકલ્યા

યુક્રેન,

રશિયાએ યુક્રેન પર કોઈપણ હુમલાનો ઈન્કાર કર્યો છે. પરંતુ સાથે જ અમેરિકા અને નાટોની સામે કેટલીક સુરક્ષા શરતો પણ મૂકવામાં આવી છે. રશિયાએ કહ્યું છે કે યુક્રેનને નાટોનું સભ્ય બનાવવું જોઈએ નહીં. તે જ સમયે, પશ્ચિમી દેશોને પૂર્વ તરફ વિસ્તરણ ન કરવા માટે કહેવામાં આવ્યું છે. જોકે, અમેરિકા અને નાટોએ તેમની માંગણીઓ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે. આ સાથે રશિયાએ સરહદ પર એક લાખ સૈનિકો તૈનાત કર્યા છે.

તેણે આ સૈનિકોને પણ પાછી ખેંચવાની ના પાડી દીધી છે. તેણે કહ્યું છે કે જ્યારે પણ તેને લાગશે કે તે તેના વિસ્તાર માટે જરૂરી છે ત્યારે તે વધુ સૈનિકો તૈનાત કરશે. યુક્રેનને લઈને ચાલી રહેલા તણાવ વચ્ચે રશિયન સેનાએ આર્કટિક સમુદ્રથી લઈને કાળા સમુદ્ર સુધી યુદ્ધની રમત શરૂ કરી છે. તે જ સમયે, બેલારુસમાં રશિયન સૈનિકોની તૈનાતીથી ભય વધી ગયો છે કે તે ઉત્તરથી યુક્રેન પર હુમલો કરી શકે છે. રશિયાએ તાજેતરના અઠવાડિયામાં બેલારુસ સાથે સંયુક્ત લશ્કરી કાર્યવાહી પણ હાથ ધરી છે. તેણે પેટ્રોલિંગ માટે બેલારુસમાં પરમાણુ બોમ્બ વિસ્ફોટક વિમાનો મોકલ્યા છે. તે નાટોના સભ્ય દેશો પોલેન્ડ, લિથુઆનિયા અને લાતવિયા સાથે તેની સરહદ વહેંચે છે. બેલારુસના રાષ્ટ્રપતિ એલેક્ઝાંડર લુકાશેક્રોના રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ખૂબ સારા સંબંધો છે. આ બંને નેતાઓ લાંબા સમયથી પોતપોતાના દેશો પર શાસન કરી રહ્યા છે.યુક્રેન સાથે વધી રહેલા તણાવ વચ્ચે રશિયાએ શનિવારે તેના સાથી બેલારુસને પેટ્રોલિંગ પર લાંબા અંતરના પરમાણુ સમૃદ્ધ બોમ્બર મોકલ્યા હતા. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ૨૨સ૩ બોમ્બરોએ ચાર કલાકના અભિયાન દરમિયાન બેલારુસ એરફોર્સ અને એર ડિફેન્સ સાથે કવાયત કરી હતી. બેલારુસમાં પેટ્રોલિંગ દરમિયાન વિમાનોએ ઘણી વખત ઉડાન ભરી. બેલારુસ યુક્રેનની ઉત્તર સાથે સરહદ ધરાવે છે. આ ક્વાયત ત્યારે હાથ ધરવામાં આવી છે. જ્યારે ક્રેમલિને તેના સૈનિકોને સાઈબિરીયા અને દૂર પૂર્વીય પ્રદેશમાંથી બેલારુસ મોકલ્યા છે. આ તૈનાતી સાથે યુક્રેનની નજીક રશિયાની લશ્કરી ગતિવિધિ વધી છે, જેનાથી પશ્ચિમી દેશો રશિયા દ્વારા યુક્રેન પર આક્રમણ કરે તેવી દહેશત વધી છે. બેલારુસમાં રશિયન સૈનિકો અને હથિયારોની તૈનાતી પર પશ્ચિમી દેશોએ સતત ચિંતા વ્યક્ત કરી છે. આ પણ ચિંતાનો વિષય છે કારણ કે યુક્રેનની રાજધાની કિવ બેલારુસ બોર્ડરથી માત્ર ૭૫ કિલોમીટર દૂર છે.

ગ્રામજનો અને મંદિર ટ્રસ્ટે મૂર્તિ સ્વીકારવાની ના પાડી

## મધ્યપ્રદેશમાં મંદિરમાંથી શનિદેવ ચોરી થયા, પોલીસ યમરાજને શોધી લાવી

મધ્યપ્રદેશ,

મધ્યપ્રદેશના ચંબલ વિસ્તારના લહાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અહીં ૨૧ જાન્યુઆરીની રાત્રે, ચોર ભાટનતાલ સ્થિત નવગ્રહ મંદિરમાંથી શનિદેવની મૂર્તિ ઉપાડી ગયા હતા. પોલીસે ૨ ફેબ્રુઆરીએ એક મૂર્તિ મેળવી હતી. પોલીસ તેને શોધી કાઢીને પોતાના વખાણ કરતી હતી, પરંતુ મૂર્તિ યમરાજાની નિકળતા જોવા જેવી થઈ હતી. ત્યાર બાદ અવનીશ બંસલે મંદિર ટ્રસ્ટ સાથે બેઠક પણ કરી હતી, પરંતુ ટ્રસ્ટે આ મૂર્તિ સ્વિકારી ન હતી. શનિદેવની મૂર્તિની ચોરીના કારણે ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભૂતકાળમાં તેમણે ભાજપના પ્રદેશ અધ્યક્ષ વીડી શર્માને એક મેમોરેન્ડમ આપીને સમગ્ર મામલાની જાણકારી આપી હતી. વીડી શર્માએ લહાર પોલીસને આ ઘટનાને ગંભીરતાથી લેવા સૂચના આપી હતી. જે બાદ પોલીસ એક્શનમાં આવી ગઈ હતી. તેમને આ મૂર્તિ રૌન પોલીસ સ્ટેશન વિસ્તારના મરહી જેતપુરા ગામમાં મળી હતી. પોલીસ મૂર્તિને પોલીસ સ્ટેશન લાવી માલખાનામાં રાખી હતી. મંદિર ટ્રસ્ટ સમિતિના સભ્યો દ્વારા મૂર્તિની ઓળખ કરવામાં આવી હતી. ટ્રસ્ટના લોકોએ તેને યમરાજની મૂર્તિ તરીકે સ્વીકારવાની ના પાડી દીધી. સ્થાનિક લોકોનું કહેવું છે કે મૂર્તિના એક હાથમાં દંડ છે અને બીજા હાથમાં પાંસ છે. તે ભેંસ પર સવાર છે. ભેંસ પર સવારી કરતા ન્યાયના દેવતા ભગવાન શનિનો કોઈ ધાર્મિક ગ્રંથમાં ઉલ્લેખ નથી.મંદિર ટ્રસ્ટના પ્રમુખ અને નગર પંચાયતના પૂર્વ પ્રમુખ રામકુમાર મંહતે કહે છે કે પોલીસ જે મૂર્તિ આપી રહી છે તે શનિદેવની નથી. મૂર્તિ પરત મેળવવાના નામે પોલીસ નાટક કરી રહી છે. પોલીસના આ કૃત્યને ટ્રસ્ટ વખોડે છે. અવનીશ બંસલે કહ્યું, મૂર્તિ શનિદેવની છે કે યમરાજની છે, મને ખબર નથી. પ્રાપ્ત થયેલી મૂર્તિને માલખાનામાં રાખવામાં આવી છે. ટ્રસ્ટના સભ્યો સાથે મુલાકાતો યોજાઈ હતી. મૂર્તિની સ્થાપના માટે કોઈ મુહૂર્ત ન હોવાનું નક્કી કરવામાં આવ્યું છે. ચૈત્ર નવરાત્રિમાં મુહૂર્ત આવે તો મંદિરમાં નવી મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. સુરક્ષા માટે ઝઝૂફ પણ લગાવવામાં આવશે. જેતપુરા ગામના લોકો આ પુનઃપ્રાપ્ત મૂર્તિની માંગ કરી રહ્યા છે. તેઓ કહે છે કે અમારા ગામમાં શનિદેવ પ્રગટ થયા છે, તેથી અમે તેને અમારા ગામમાં સ્થાપિત કરીશું. આદિપંચ દેવતાઓમાંના એક સૂર્યદેવના કુલ દસ સંતાનો માનવામાં આવે છે. તેમના પુત્રો યમરાજ અને શનિદેવ છે. આ ઉપરાંત યમુના, વૈવસ્વતમનુ, તપ્તિ, અશ્વિની પણ સૂર્યદેવના સંતાનો છે.મધ્યપ્રદેશના ચંબલ પોલીસને યમરાજ અને શનિદેવ વચ્ચેનો તફાવત ખબર નથી. તેઓ યમરાજની મૂર્તિને શનિદેવની મૂર્તિ તરીકે મંદિર ટ્રસ્ટને આપવા માંગે છે. ટ્રસ્ટના લોકોએ શનિદેવની મૂર્તિ તરીકે યમરાજની મૂર્તિ લેવાનો ઈનકાર કર્યો છે. આવી સ્થિતિમાં યમરાજની મૂર્તિ પોલીસ સ્ટેશનના માલખાનામાં બંધ છે.

## ભારત દ્વારા વારંવાર ઠપકો આપ્યા બાદ પણ પાકિસ્તાનનો કાશ્મીર રાગ ચાલુ



નવીદિલ્હી,

પાકિસ્તાન દર વર્ષે ૫ ફેબ્રુઆરીએ 'કાશ્મીરએકતા ડે' ઉજવે છે. રાષ્ટ્રપતિ આરિફ અલ્વીએ કહ્યું 'પાકિસ્તાન કાશ્મીર પર તેના સિદ્ધાંતવાદી વલણથી દૂર નથી ગયું.' તેમણે કહ્યું કે દેશ કાશ્મીર સાથે ઉભો છે કારણ કે તે આપણા શરીરનો ભાગ છે અને આપણા હૃદય એક સાથે ધડકે છે. કાશ્મીર પર પાકિસ્તાનની સૈદ્ધાંતિક સ્થિતિ જણાવે છે કે દેશ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવો અનુસાર અને મુક્ત અને ન્યાયી લોકમત દ્વારા જમ્મુ-કાશ્મીર મુદ્દાના નિરાકરણ માટે નિશ્ચિતપણે પ્રતિબદ્ધ છે. હાલમાં ચીનના પ્રવાસે ગયેલા વડાપ્રધાન ઈમરાન ખાને ટ્વીટર પર કહ્યું, ''પાકિસ્તાન આપણા કાશ્મીરી ભાઈ-બહેનો સાથે એકજૂથ છે અને સ્વ-નિર્ણય માટેના તેમના કાયદેસરના સંઘર્ષ માટે પ્રતિબદ્ધ છે. ''પાકિસ્તાન સેનાએ કહ્યું. આર્મી ચીફ જનરલ કમર જાવેદ બાજવાએ પણ કાશ્મીરના લોકોના બલિદાન અને સંકલ્પને યાદ કર્યો હતા. સેનાએ તેમને ટાંકીને કહ્યું કે, 'આ માનવતાવાદી દુર્ઘટનાનો અંત લાવવાનો અને જમ્મુ-કાશ્મીરના લોકોની આકાંક્ષાઓ અને સંયુક્ત રાષ્ટ્રના ઠરાવો અનુસાર કાશ્મીર મુદ્દાને ઉકેલવાનો સમય આવી ગયો છે.' વિદેશ મંત્રી શાહ મહેમૂદ કુરૈશીએ પોતાના નિવેદનમાં કહ્યું. ટ્વીટમાં કહ્યું કે પાકિસ્તાન કાશ્મીરીઓની સાથે છે. ભારતના કેન્દ્રીય મંત્રી અને જમ્મુ અને કાશ્મીરની ઉધમપુર લોકસભા બેઠકના સાંસદ જીતેન્દ્ર સિંહે કહ્યું, ''વિશ્વભરમાં સમર્થન મેળવવા માટે ટૂલકિટ બનાવીને આપણા પાડોશી દ્વારા હાથ ધરવામાં આવેલા 'નવા પ્રયોગો'થી ભારતને ડરાવી શકાય નહીં.'' તેમણે કહ્યું કે જો પાકિસ્તાન અને ભારત વચ્ચે કોઈ મુદ્દો પેન્ડિંગ છે તો તે જમ્મુ-કાશ્મીરનો તે ભાગ છે જે પાડોશી દેશના ગેરકાયદેસર કબજા હેઠળ છે. ભારતે પાકિસ્તાનને ઘણી વખત કહ્યું છે કે જમ્મુ-કાશ્મીર દેશનો અભિન્ન અંગ હતો અને હંમેશા રહેશે. તેણે પાકિસ્તાનને વાસ્તવિકતા સ્વીકારવાની અને તમામ ભારત વિરોધી પ્રચાર બંધ કરવાની સલાહ પણ આપી છે. ભારત સરકારે અગાઉ પણ સ્પષ્ટ કર્યું છે કે જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય અંગ છે. ભારતે પાકિસ્તાનને એમ પણ કહ્યું છે કે જમ્મુ-કાશ્મીર સાથે જોડાયેલા મુદ્દા તેનો આંતરિક મામલો છે અને દેશ તેની સમસ્યાઓ ઉકેલવા સક્ષમ છે. ભારતે પાકિસ્તાનને કહ્યું છે કે તે આતંકવાદ, દુશ્મનાવટ અને હિંસાથી મુક્ત વાતાવરણમાં ઈસ્લામાબાદ સાથે સામાન્ય સંબંધો ઈચ્છે છે. ભારતે કહ્યું છે કે આતંકવાદ અને દુશ્મનાવટથી મુક્ત વાતાવરણ બનાવવાની જવાબદારી પાકિસ્તાનની છે.ભારત દ્વારા વારંવાર ઠપકો આપ્યા બાદ પણ પાકિસ્તાનનો કાશ્મીર રાગ ચાલુ છે. વાસ્તવમાં, પાકિસ્તાનના ટોચના નેતૃત્વએ શનિવારે કાશ્મીરના લોકો માટે તેના સમર્થનની પુનઃપુષ્ટિ કરી અને કહ્યું કે ઈસ્લામાબાદ આ મુદ્દા પર તેના સિદ્ધાંતવાદી વલણથી દૂર નથી ગયું. 'કાશ્મીર એકતા દિવસ'ના અવસરે એક રેલીને સંબોધતા રાષ્ટ્રપતિ આરિફ અલ્વીએ કહ્યું કે તેમનો દેશ યુએનના ઠરાવો અનુસાર કાશ્મીર વિવાદનો ઉકેલ ઈચ્છે છે. કાશ્મીરી લોકોના આત્મનિર્ણયના અધિકારનો સ્વીકાર કરે છે.

## તંત્રી સ્થાનેથી...

# જ્યારે પાકિસ્તાને કહ્યું, 'લતા મંગેશકર આપો અને કાશ્મીર લઈ લો'

ગીતસંગીતની દુનિયામાં ઘણા મહાન ગાયકો અને સંગીતકારોનો જન્મ થયો છે, પરંતુ લતા મંગેશકર તે બધામાં સૌથી અલગ અને ખાસ હતા. તેમને સાંભળીને એવું લાગ્યું કે જાણે માતા સરસ્વતી તેમના કંઠમાં વસ્યા છે. લતા દીદીના મધુર અવાજમાં એક શાંતિ હતી, જેને સાંભળીને હૃદયને ઘણી ઠંડક મળતી હતી.. ભારત અને પાકિસ્તાન વચ્ચેનો ખાટો-મીઠો પ્રેમ જાણીતો છે. પરંતુ બંને દેશો વચ્ચે એક એવો તાંતણો હતો, જેણે બંને દેશોના લોકોને એકબીજા સાથે જોડી રાખ્યા હતા. તે નાઈટિંગેલ લતા મંગેશકર માટે ભારત-પાકિસ્તાનના લોકોનો પ્રેમ હતો. પાકિસ્તાની સંગીત પ્રેમીઓ ક્યારેય પોતાને લતા દીદીથી અલગ કરી શક્યા નહીં. તેઓ હંમેશા ઈચ્છતા હતા કે લતા તેમની પાસે આવે. આ માટે તે કાશ્મીર પણ આપી દેવા તૈયાર હતા.

જ્યારે પાકિસ્તાનીઓ લતા દીદી માટે કાશ્મીર પણ આપી દેવા તૈયાર હતા.....કહે છે કે ઓલ ઈન્ડિયા રેડિયોને પત્ર આપવામાં આવ્યો હતો. આ પત્રમાં લતા મંગેશકર વિશે કહેવામાં આવ્યું હતું કે 'હિન્દુસ્તાને કાશ્મીર રાખવું જોઈએ, પરંતુ લતા મંગેશકર પાકિસ્તાનને આપવી જોઈએ'. લતા મંગેશકરના ચાહકોમાં સામાન્ય લોકો જ નહીં પરંતુ ઘણા દિગ્ગજ ગાયકો પણ સામેલ હતા. મહાન ગાયિકા નૂરજહાંનું નામ પણ આ યાદીમાં સામેલ હતું.એકવાર લતા મંગેશકર વિશે વાત કરતી વખતે નૂરજહાંએ કહ્યું હતું કે 'તેઓ મારી પ્રશંસા કરે છે'. પરંતુ લતા મંગેશકર જેવું આજ સુધી કોઈ જન્મ્યું નથી. આ બાબત પરથી સમજી શકાય છે કે લતા મંગેશકર પાકિસ્તાની લોકો માટે કેટલા મહત્વના હતા. ભારતમાં રહીને પણ તેઓ પાકિસ્તાની આવામના પ્રિય હતા.લતા મંગેશકર મ્યુઝિક ઈન્ડસ્ટ્રીની એવી વ્યક્તિ હતી, જેની ઉણપ વાસ્તવિકતામાં ક્યારેય ભરી શકાતી નથી. લતા મંગેશકર હવે આપણી વચ્ચે નથી, પરંતુ અપેક્ષા છે કે તેમના સદાબહાર ગીતો બંને દેશને એકસાથે જોડી રાખશે. ગુડબાય લતાદીદી...... તમે અમારા દિલમાં સદા જીવંત રહેશો અને જ્યારે જ્યારે વસંતની કોયલ ટહૂકશે ત્યારે ત્યારે તમારી મીઠી યાદ દિલમાં ફરી વળશે.

## પીએમ મોદી બીજી વખત ભારતના વડાપ્રધાન બન્યા તે વખતે લતાજીએ મોદીના માતા હીરાબાને ગુજરાતીમાં લખેલો શુભેચ્છા પત્ર અને શાલ અર્પણ કર્યા હતા

# લતા દીદીના જવાથી દેશમાં એક એવો ખાલીપો સર્જાયો છે જેને ભરી નહીં શકાયઃ પીએમ મોદીનું ટ્વીટ



મહાન ગાયિકા લતા મંગેશકરના અવસાન પર વડાપ્રધાન મોદીએ દુખ વ્યક્ત કર્યું છે. તેમણે ટ્વિટમાં લખ્યું હતું કે, હું શબ્દોની પીડાથી પરે છું. લતા દીદી આપણને છોડીને જતા રહ્યા. લતા દીદીના જવાથી દેશમાં એક એવો ખાલીપો સર્જાયો છે જેને ભરી નહીં શકાય. ભાવિ પેઢીઓ યાદ કરશે કે, લતા મંગેશકર કેટલા મોટા કલાકાર હતા, જેમના અવાજમાં લોકોને મોહિત કરવાની શક્તિ હતી.આ સાથે જ વડાપ્રધાને પોતાને લતા દીદી તરફથી હંમેશા સ્નેહ મળ્યો હોવાનું પણ લખ્યું હતું.

વડાપ્રધાન મોદી અને લતા મંગેશકર વચ્ચે ભાઈ-બહેન જેવું જોરદાર બોન્ડિંગ હતું. એક વખત રક્ષાબંધન વખતે લતાદીદીએ વડાપ્રધાન પાસેથી વચન માગ્યું હતું કે, તેઓ હંમેશા ભારતને ઉપર લઈ જશે. સૂર સામ્રાજ્ઞીનું અવસાન વડાપ્રધાન મોદી માટે એક ખૂબ મોટી અંગત ક્ષતિ પણ છે.૨૦૧૩માં મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા ત્યારે લતા મંગેશકરે પુણેમાં એક કાર્યક્રમ દરમિયાન પોતે મોદીને વડાપ્રધાન તરીકે જોવા માગે છે તેમ કહ્યું હતું. તેમના આ નિવેદનને કારણે કોંગ્રેસ પાર્ટી રોષે ભરાઈ હતી. મુંબઈ કોંગ્રેસના તત્કાલીન ચીફ જનાર્દન ચંદુરકરે તો લતાદીદીને આપવામાં આવેલો ભારતરત્ન પાછો લેવાની વાત પણ કરી દીધી હતી.વડાપ્રધાન મોદી લતા મંગેશકરના જન્મદિવસ વખતે તેમને શુભેચ્છાઓ આપવાનું નહોતા ભૂલતા. તેમણે પોતાના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'માં લતાજી સાથેની વાતચીતનો ઓડિયો પણ સંભળાવ્યો હતો. વર્ષ ૨૦૧૯માં મોદી બીજી વખત ભારતના વડાપ્રધાન બન્યા તે વખતે લતાજીએ મોદીના માતા હીરાબાને ગુજરાતીમાં લખેલો શુભેચ્છા પત્ર અને શાલ અર્પણ કર્યા હતા. તેમણે પોતાના મુખ્ય સહાયક મહેશ રાઠોડને ગાંધીનગર મોકલીને હીરાબાને શાલ અને શુભેચ્છા પત્ર પહોંચાડ્યા હતા.તેમણે પત્રમાં લખ્યું હતું કે, 'ભગવાન શ્રી રામ ની કૃપા થી આપના સુપુત્ર અને મારા ભાઈ શ્રી નરેન્દ્ર ભાઈ મોદી ફરીવાર પ્રધાનમંત્રી બનવા બદલ અનેક અનેક શુભકામના. આપના તેમજ શ્રી નરેન્દ્રભાઈ ના સાદગી પૂર્ણ જીવન ને વંદન. શ્રી પ્રહલાદભાઈ શ્રી પંકજભાઈ તેમજ આપના સર્વ પરિવાર ને ખુબ ખુબ શુભકામના કુશળ આરોગ્ય તથા દીર્ઘ આયુષ્ય માટે પ્રભુ ને પ્રાર્થના. હું આ પત્ર પ્રથમ વખત ગુજરાતી માં લખું છુ કંઈ ભૂલ ચૂક હોય તો ક્ષમા કરશો. વંદેમાતરમ. લી. આપની દીકરી, લતા મંગેશકર.' આ પ્રસંગે વડાપ્રધાનના ભાઈઓ પણ ત્યાં ઉપસ્થિત રહ્યા હતા.

## લતાજીના કંઠે ગવાયેલા અનેક ગીતો કદી ભુલાશે નહીં અનેકવાર સાંભળવા ગમશે

### ૪૦ના દાયકામાં ગાવાનું શરૂ કર્યું હતું. અને ૨૦૧૦ સુધી તેમણે બોલિવૂડમાં ગીતો ગાયા. એટલે કે તેણે ૭૦ વર્ષ સુધી બોલિવૂડમાં ગીતો ગાયા અને ન જાણે કેટલા સુંદર ગીતો લોકોને આપ્યાઃ લતાજીના આ ગીતને ચાહકોનો પણ ઘણો પ્રેમ મળ્યો છે.

નવી દિલ્હી

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં સિંગિંગની વાત કરીએ તો સ્વર કોકિલ કંઠી લતા મંગેશકરથી કોઈ મોટું નામ જ નથી. લતાએ પોતાના સુરીલા અવાજથી ભારતીય સંગીતને વિશ્વભરમાં પ્રખ્યાત કર્યું છે. તેમણે ૪૦ના દાયકામાં ગાવાનું શરૂ કર્યું હતું. અને ૨૦૧૦ સુધી તેમણે બોલિવૂડમાં ગીતો ગાયા. એટલે કે તેણે ૭૦ વર્ષ સુધી બોલિવૂડમાં ગીતો ગાયા અને ન જાણે કેટલા સુંદર ગીતો લોકોને આપ્યા. ૯૨ વર્ષની ઉંમરે લતાએ દુનિયાને અલવિદા કહી દીધું. ચાલો લતા મંગેશકરના ૨૦ સુપરહિટ ગીતો સાંભળીએ, જેને સાંભળીને તમે તમારી જાતને સંગીતના એક અલગ જ સ્થાને જોશો.

૧- લગ જા ગલે-

લતા મંગેશકરનું આ ગીત નવી પેઢીમાં સૌથી વધુ લોકપ્રિય છે. ચાહકો તેમના આ ગીતને સાંભળવાનું પસંદ કરે છે અને તેને ગાવાનો પ્રયાસ પણ કરે છે.

૨- મેરા સાયા સાથ હોગા

લતાજીના આ ગીતને ચાહકોનો પણ ઘણો પ્રેમ મળ્યો છે. સુનીલ દત્તની ફિલ્મ સાયાનું આ ગીત આજે પણ એકદમ ફ્રેસ લાગે છે.

૩- હે મેરે વતન કે લોગો..

એ મેરે વતન કે લોગો...નું ગીત એક અલગ ઈતિહાસ ધરાવે છે. જ્યારે લતા મંગેશકરે પંડિત જવાહરલાલ નેહરુ સામે આ ગીત રજૂ કર્યું ત્યારે પંડિતજીની આંખો પણ ભીની થઈ ગઈ હતી. આ ગીત સાથે કરોડો દેશવાસીઓની ભાવનાઓ જોડાયેલી છે.

૪- યારા સિલી સિલી

ગુલઝાર સાહેબે લખેલું આ ગીત લતા દીએ સુંદર રીતે ગાયું હતું.

૫ શીશા હો યા દિલ હો.

૬. જાને ક્યો લોગ મોહબ્બત

૭ દિલ તો પાગલ હૈ

દરેક એક જનરેશન માટે લતાજીએ ગાયું છે ગીત

૮. દો પલ રૂકા ખ્લાબો કા કારવાં

૯. બાહો મે ચલે આઓ

૧૦. જાને ક્યા બાત હૈ

૧૧. ઈસ મોડ સે જાતે હૈ

૧૨. પરદેસિયા યે સચ હૈ પિયા

૧૩. કભી ખુશી કભી ગમ

૧૪. મૈ તો કબસે ખડી ઉસ પાર

૧૫. મેરી આવાજ કી પહચાન હૈ

૧૬ દીદી તેરા દેવર દીવાના

૧૭. પિયા બિના પિયા બિના

૧૮ લુકા છુપી બહુત હુઈ

૧૯. મૈ ચલી મૈં ચલી

૨૦. તુમ હી મેરે મંદિર

# ભારતીય ટીમને ચેમ્પિયન બનાવનારા હિરો વિશે



ન્યુદિલ્હી,

ભારતે ૨૦૨૨માં ૨૦૨૦ની ફાઈનલની નિરાશાને ભૂંસી નાખી. યશ ઢૂલની આગેવાની હેઠળની ભારતીય ટીમે ICC અંડર-૧૯ વર્લ્ડ કપ ૨૦૨૨નો ખિતાબ જીત્યો હતો. ભારતે ફાઈનલમાં ઇંગ્લેન્ડને ૪ વિકેટથી હરાવીને રેકોર્ડ પાંચમી વખત વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતી હતી. પ્રથમ મેચથી ફાઈનલ સુધી ભારતની હારના ઘણા હીરો હતા. ટીમને ચેમ્પિયન બનાવનાર કેટલાક મુખ્ય ખેલાડીઓ પર એક નજર રાજ અંગદ બાવા આ ટુર્નામેન્ટમાં ભારતના સૌથી મોટો સ્ટાર સાબિત થયો. ૧૯ વર્ષીય ઓલરાઉન્ડરે ફાઈનલમાં ૫ વિકેટ લઈને ઈંગ્લેન્ડને સસ્તામાં સમેટી લેવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને ત્યારબાદ ૩૫ રનની ઈનિંગ રમીને જીતનો માર્ગ સરળ બનાવ્યો હતો. આટલું જ નહી સમગ્ર ટુર્નામેન્ટમાં રાજ બાવાએ જોરદાર પ્રદર્શન કર્યું હતું. તે ૫ ઈનિંગ્સમાં ૨૫૨ રન સાથે ભારતનો બીજો સર્વશ્રેષ્ઠ સ્કોરર હતો. આ સાથે તેણે ૯ વિકેટ પણ લીધી હતી. બાવાએ યુગાન્ડા સામે અણનમ ૧૬૨ રન બનાવ્યા, જે અંડર-૧૯ વર્લ્ડ કપમાં ભારતનો સર્વોચ્ચ સ્કોર છે. એક કેપ્ટન અને બેટ્સમેન તરીકે ભારતની જીતમાં યશ ઢુલનો પણ મોટો ફાળો હતો. યશ ઢુલ કોરોના સંક્રમણને કારણે બે મેચ રમી શક્યો ન હતો, પરંતુ તેમ છતાં તે ટીમના સૌથી મહત્વપૂર્ણ બેટ્સમેનોમાંનો એક રહ્યો. બોલરોના સારા ઉપયોગના આધારે તેણે વિરોધીઓને મોટો સ્કોર બનાવવા દીધો ન હતો. ત્યારબાદ ૪ ઈનિંગ્સમાં ૨૨૯ રન બનાવ્યા જેમાં એક સદી અને એક અડધી સદી સામેલ છે. ઓસ્ટ્રેલિયા સામે તેની ૧૧૦ રનની ઈનિંગ હંમેશા યાદગાર રહેશે. અંડર-૧૯ વર્લ્ડ કપમાં સદી ફટકારનાર વિરાટ કોહલી અને ઉન્મુક્ત ચંદ પછી તે માત્ર ત્રીજો ભારતીય કેપ્ટન બન્યો હતો. ભારતીય બોલરોના કારણે આ ટુર્નામેન્ટ સૌથી ખાસ હતી. તમામ બોલરો સતત વિકેટ લેતા હતા. ભારતીય બોલરોમાં સ્પિનર ??વિકી ઓસ્તવાલ સૌથી આગળ હતો. તેણે ૬ મેચમાં ૧૨ વિકેટ લીધી હતી. તે જ સમયે ઝડપી બોલર રવિ કુમારે પણ જબરદસ્ત પ્રદર્શન કર્યું હતું. લીગ મેચોમાં શાંત દેખાતા ડાબા હાથના પેસરે ફાઈનલ સહિત ત્રણેય નોકઆઉટ મેચોમાં પાયમાલી મચાવી હતી. તેણે ફાઈનલમાં ૪ વિકેટ સહિત ૬ ઈનિંગ્સમાં ૧૦ વિકેટ લીધી હતી. ટીમના ઓપનર અંગક્રિશ રઘુવંશીએ ટૂર્નામેન્ટમાં ભારત માટે સૌથી વધુ રન બનાવ્યા હતા. અંગક્રિશે ફાઈનલમાં બેટિંગ કરી ન હતી, પરંતુ તેણે બાકીની ટુર્નામેન્ટમાં ટીમ માટે સારી શરૂઆત કરી હતી.

આ ઓપનરે ૬ ઈનિંગ્સમાં એક સદી અને અડધી સદીની મદદથી ૨૭૮ રન બનાવ્યા હતા. આ સાથે જ ટીમના વાઈસ કેપ્ટન શેખ રશીદે પણ સેમીફાઈનલ અને ફાઈનલમાં મહત્વની ઈનિંગ્સ રમી હતી. રાશિદે ૪ મેચમાં ૨૦૧ રન બનાવ્યા જેમાં બે અડધી સદી સામેલ છે. ફાઈનલમાં નિશાંત સિંધુએ અણનમ અડધી સદી ફટકારીને ટીમ ઈન્ડિયાને ટાઈટલ સુધી પહોંચાડ્યું હતું. સિંધુએ ૫ ઈનિંગ્સમાં ૧૪૦ રન બનાવ્યા હતા.

# સરકારી રેલ્વેના પાટા ચોરી તેને વેચતી દાહોદની ટોળકી ઝડપાઈ

દાહોદ,

દાહોદ શહેરમાં રેલવેનું કારખાનુ અને રેલવેની મુખ્ય લાઇન અહીંથી પસાર થતી હોવાથી ઠેર-ઠેર રેલવેના પાટા-સ્લીપાટ સહિતનો લોખંડનો કિમતી સામાન ખુલ્લામાં પડ્યો રહે છે. ત્યારે આ સામાનની ચોરીનો મનસુબો રચીને દાહોદ અને ડુંગરપુર ગામેથી ત્રણ વખતમાં પાટા અને સ્લીપાટોનો ચોરી કરી ૨૬ રૂપિયે કિલોના ભાવે વેચ્યા હતાં. એલસીબી અને આરપીએફના સંયુક્ત ઓપરેશનમાં ટોળકીના ૪ની ધરપકડ કરાઇ હતી. દાહોદમાં એલસીબી પી.આઇ બી.ડી. શાહ, પીએસઆઇ એમ. એમ. માળી અને સ્ટાફ જુદી - જુદી ટીમો બનાવી ચોરીમાં સંડોવાયેલી ગેંગોના આરોપીઓની માહિતી એકત્રિત કરવા માટે વર્કઆઉટની કામગીરીમાં કાર્યરત હતા. દરમિયાન દાહોદ શહેરના પરેલ, મેડીકલ કોલોનીમા રહેતા દિપક ઉર્ફે ગોલુ મોહનભાઇ બિલવાળ અને રતનભાઇ દલસિગભાઇ મેડા રેલવેના પાટાની ચોરી કરતા હોવાની બાતમી પી.આઇ બી.ડી શાહને મળી હતી. જેથી દાહોદ આરપીએફ ઇન્સપેક્ટર જી.એસ ગૌતમ તથા આરપીએફના સ્ટાફને સાથે રાખી બંનેને પકડ્યા હતાં. દોઢેક માસ અગાઉ પરેલ મેડીકલ કોલોની નજીકથી ૧૪થી ૧૫ સ્લીપાટ ચોર્યા હતા. જે મહેસાણાના સુઢીયાના અને હાલ મેડિકલ કોલોનીમાં રહેતાં કનુ ઠાકોરના ટ્રેક્ટરમાં ભરીને ઇન્દૌરના ચંદાનગરના અને હાલ મારવાડી ચાલીનાં શુભમ મહંતને રૂા.૨૬ કિલોના ભાવે વેચ્યા બાદ ફોરેસ્ટના ઘાસ ગોડાઉનની નજીકમા રાત્રીના લોખંડના ૯ પાટાની ચોરી બાદ ૫ દિવસ અગાઉ ડુંગરપુર ગામે ટ્રેકની નજીકમા પડેલા પાટાની પણ ચોરીની કબૂલાત કરી હતી. એલસીબી અને આરપીએફે શુભમે સંતાડેલા રૂા.૯૪૭૬૦ના ૩૦૨૦ કિલો વજનના લોખંડના પાટા અને સ્લીપાટના ૧૦૮ ટુકડા જપ્ત કર્યા હતાં. સ્લીપાટ-પાટા, ૪ મોબાઇલ અને ટ્રેક્ટર, એક મોપેડ મળીને ૬,૭૪,૭૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ચોરીમાં સંડોવાયેલા મજુર તરીકે કામ કરનારા લોકોની પણ પોલીસે શોધખોળ શરૂ કરી છે. નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ ભરાડાની સુચના અને દાહોદ એસ.પી હિતેશ જોયસરના માર્ગદર્શનમાં છેલ્લા એક માસમાં એલસીબી અને સબંધિત પોલીસ મથકોમાં ચોરી અને લુંટના નોંધાયેલા ગુના ડિટેક્ટ કરવામાં મોટી સફળતા મળી છે. જેમાં ચોરી અને લુંટમાં ગયેલો ૫૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ રિકવર કર્યો છે. લીમખેડાની ચોરી, બારિયાની ધાડ અને દાહોદ ચોરીનો સમાવેશ થાય છે. એક માસમાં ૫૦ લાખ રૂપિયાના મુદ્દામાલની રિકવરી જિલ્લા પોલીસ માટે મોટી ઉપલબ્ધિ મનાઇ રહી છે.

## સુરતમાં ધંધો કરવો હોય કે, નોકરી કરવા હપ્તો દેવો પડે

# સુરતમાં લુખ્ખા તત્વો દ્વારા લેઝર કટીંગના ખાતેદારોને ફટકાર્યા

સુરત,

સુરતમાં પુણા સીતા નગરમાં ધંધો કરવો હોય તો ૫ હજારનો હપ્તો આપવો પડશે નહીંતર હાથ-પગ તોડી નાખીશ કહી એક સ્થાનિક ટપોરીએ કેટલાક લેઝર કટીંગના ખાતેદારોને જાહેરમાં ફટકાર્યા હોવાનો બનાવ સીસીટીવીમાં કેદ થઈ ગયો છે. મિનરલ પાણીની બોટલ સપ્લાય કરી ખાતેદારો પાસે હપ્તા માગવાની ટપોરીઓની નવી મોડ્સ ઓપરેન્ડી સામે આવી છે. અઢી વર્ષથી સીતા નગરમાં લેઝર કટીંગનું ખાતું ધરાવીએ છીએ. ૩ ફેબ્રુઆરીએ અચાનક મોડી સાંજે પાણી બોટલ સપ્લાયર ગોવિંદ રબારી ખાતા ઉપર હાથમાં દંડો લઈ દોડી આવ્યો હતો. હપ્તાના રજિસ્ટ્રેશન માટે ૨૫ હજાર અને દર મહિને ૫ હજાર આપવા પડશે કહી ખાતેદારોને લાફા મારી દંડા વડે ફટકારવા લાગ્યો હતો.

એક-બેને નહીં લગભગ ચાર-પાંચ ખાતેદારોને જાહેરમાં ફટકાર્યા હતા. આખી ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. પોલીસ સ્ટેશનમાંથી ખાતેદારો સોસાયટીમાં પહોંચતા જ ગોવિંદ રબારી ફરી દોડી આવ્યો હતો અને માર મારવા લાગ્યો હતો. મોબાઈલ ફોન આપીને કહે લો મારા ફોનથી પોલીસને બોલાવો જોઉં કોણ આવે છે. આવું સાંભળી અમારા હોંશ ઉડી ગયા, બસ પછી બધા જ હપ્તા આપવા તૈયાર થઈ ગયા હતા. જોકે કેટલાક ખાતેદાર ડીસીપી સજ્જનસિંહ પરમારને મળવા ગયા ત્યાં આખી હકીકત સાંભળી પીઆઇ અને ડી-સ્ટાફ પીએસઆઇનો ફોન પર ઉઘડો લીધો ત્યારબાદ પુણા પોલીસે ગોવિંદ રબારી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી ગણતરીના કલાકોમાં છોડી મુક્યો હતો. વીયુ ગડરિયા (પીઆઇ પુણા) એ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં ગોવિંદ રબારી નામનો ઈસમ સ્થાનિક દુકાનદાર અને ખાતેદારોને હેરાન કરી મારતો હોવાની ફરિયાદ મળી છે. ફરિયાદીને બોલાવવામાં આવ્યો છે. ફરિયાદ દાખલ કરી તપાસ કરીશું.

# અકસ્માતમાં બામરોલીના મહિલા સરપંચનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું

નડિયાદ,

નડિયાદ પીજ રોડ પર થયેલ ગમખ્વાર અકસ્માતમાં વસો તાલુકાના બામરોલી ગામના મહિલા સરપંચ નું મૃત્યુ થયું છે. સરપંચ કાંતાબેન અને તેમના પતી બેંકમાં કામ હોવાથી બાઈક નં.જીજે.૦૭.ઈઈ.૦૫૭૧ લઈ નડિયાદ કેડીસીસી બેંકમાં આવ્યા હતા. જ્યાં કામ પૂર્ણ કરી દંપત્તિ પરત બામરોલી ગામે જઈ રહ્યા હતા. ત્યારે આશિયાના પાર્ક પાસે ટ્રેક્ટર નં.જીજે.૦૭.એએન.૧૦૮૫ નો ઓવરટેક કરવા જતા પુંજાભાઈ નું બેલેન્સ બગડ્યું હતું. ટ્રેક્ટર ચાલકે બ્રેક મારતા પુજાભાઈ એ પણ બાઇકને બ્રેક મારી હતી, જે દરમિયાન બેલેન્સ બગડતા પાછળ બેઠેલા મહિલા સરપંચ કાન્તાબેન બાઈક પરથી નીચે પટકાયા હતા. તેઓ નીચે પટકાતા જ સિમેન્ટની થેલીઓ ભરેલ ભારે ભરખમ ટ્રેકટરની ટ્રોલીનું પાછળનું ટાયર તેમના માથા પર ફરી વળ્યું હતું. જેના કારણે કાંતાબેનનું સ્થળ પર જ મૃત્યું થયુ હતુ. ઘટનાના સમાચાર બામરોલી ગામમાં પહોંચતા જ લોકોના ટોળા નડિયાદમાં ઉમટી પડ્યા હતા. સમગ્ર ઘટના અંગે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માત બાદ સરપંચ પાસેથી આધારકાર્ડ અને જરૂરી ડોક્યુમેન્ટ મળ્યા હતા. તેમના પતિએ જણાવ્યું હતું કે મહિલા સરપંચ તરીકે તેઓ ચૂંટાયા હતા. જેથી બેંક એકાઉન્ટમાં સહી બદલાવવાની જરૂરી કામગીરી માટે આવ્યા હતા. મહત્વની વાત છેકે કાંતાબેને બેંકમાં તો સહી બદલાવી દીધી, પરંતુ તેમના હસ્તે વિકાસના કામોના એજન્ડા પર તેઓ સહી ન કરી શક્યા.

## ડૉક્ટરોએ કહ્યું હતું કે તેમને ધીમું ઝેર આપવામાં આવ્યું છે જેના કારણે તેમની હાલત બગડી હતી

# કોકીલકંઠી લતા મંગેશકરની હત્યાનો પ્રયાસ પણ કરાયો હતો : ૩ દિવસ મોત સામે લડ્યા : ત્રણ મહિના સુધી તે ઉઠી ન શક્યા

મુંબઈ

લતા મંગેશકરનો અવાજ જ કઈ એવો હતો કે ભલભલા તેમના સૂરમાં ખોવાઈ જતા હતા. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમને સ્વર કોકિલાના નામે ઓળખવામાં આવતા હતા.

વૃદ્ધોથી લઈને યુવાનો સુધી મોટા પ્રમાણમાં તેમના ચાહકો છે. આજે લતા મંગેશકરને કરોડો દીલની ધડકન માનવામાં આવે છે. તેમને ભારત રત્ન એવોર્ડથી પણ સન્માનીત કરવામાં આવ્યા હતા.લતા મંગેશકરના નિધન બાગ ૨ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. માત્ર ભારત જ નહી પણ અન્ય દેશોમાં પણ તેમના ઘણા ચાહકો છે. તેમણે ૩૦ હજાર કરતા પણ વધારે ગીતો ગાયા છે. સાંભળીને આપને નવાઈ લાગશે કે તેમણે કુલ ૩૬ ભાષામાં ગીતો ગાયેલા છે. જેમા મરાઠી, બંગાળી અને અસમી ભાષા પણ શામેલ છે.ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવનાર લતા દીદીને દાદા સાહેબ ફાલ્કે એવોર્ડથી લઈને ભારત રત્ન એવોર્ડ પણ આપવામાં આવ્યો છે. પાંચ ભાઈ બહેનોમાં લતા દીદી સૌથી મોટા હતા. ૫ વર્ષની ઉંમરમાંજ તેમણે ગીતો ગાવાના શરૂ કરી દીધા હતા. તેમના પિતા દીનદયાળ રંગમંચના કલાકાર હતા. જેથી સંગીતની કલા તેમને વારસામાં મળી હતી.જોકે તેમના જીવનમાં એક એવો સમય પણ આવ્યો હતો કે જ્યારે તેમની હત્યા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ વાત ૧૯૬૩ની છે જ્યારે ફિલ્મ ૨૦ સાલ બાદ માટે લતાજીને ગીત રેકોર્ડ કરવાનું હતું. આ ગીત માટે તેમણે સંગીત નિર્દેશક હેમંત કુમારે પૂરી તૈયારી કરી લીધી હતી. જોકે રેકોર્ડિંગના થોડાકજ



કલાકો પહેલા અચાનક લતા તાઈની તબિયત ખરાબ થઈ હતી.તેમના પેટમાં અસહ્ય દુખાવા સાથે તેમને ઉલ્ટી થઈ તેઓ હલી પણ નહોતા શકતા જેતી ડૉક્ટરને બોલાવામાં આવ્યા હતા. ૩ દિવસ સુધી તેઓ મોત સામે લડ્યા હતા અને ૧૦ દિવસ પછી તેમની તબીયતમાં સુધાર આવ્યો હતો. જોકે બાદમાં ડૉક્ટરોએ કહ્યું હતું કે તેમને ધીમું ઝેર આપવામાં આવ્યું છે જેના કારણે તેમની હાલત બગડી હતી.લતા તાઈએ એક ઈન્ટરવ્યુંમાં કહ્યું હતું કે તે તેમની જીંદગીનો સૌથી પડકાર જનક સમય હતો. ૩ મહિના સુધી તો તે ઉઠી પણ નહોતા શક્યા. સાથેજ તેમણે એવું પણ કહ્યું કે હાલત એટવી બગડી ગઈ હતી કે તેઓ ચાલી પણ નહોતા શકતા. લાંબા ઈલાજ બાદ તેઓ ઠીક થયા હતા. આ સમય તેમના પરિવાર માટે સૌથી પડકાર જનક હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અંદાજે ૩ મહિના સુધી લતા મંગેશકર બેડ પર રહ્યા હતા. જોકે ઈલાજ કરાવ્યા બાદ તેઓ સાજા થયા અને ગીત રેકોર્ટ કરવા પણ સ્ટુડિયો પહોચી ગયા હતા. ઈલાજ પછી તેમણે પહેલું ગીત કહી દીપ જલે કહી દીયા ગાયપં હતું જે હેમંત કુમાર દ્વારા કંપોઝ કરવામાં આવ્યું અને લોકોને પણ આ ગીત ઘણું ગમ્યુ હતું.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**N.O.G. SS NO- 0026**

વિષય-પ્રેમની સંબંધની દિવાલ પર પ્લાસ્ટર ના હસ્તાક્ષર.
શીર્ષક-ભીંતેથી પોપડા ખરે!
વિભાગ- મૌલિક વિચારો.(પદ્ય)

કોઈ 'એ' ના રહ્યું પ્રેમની દિવાલ જર્જરિત થઈ.
સંબંધમાં જ્યાં પ્લાસ્ટર આવી ખરે એ શાને?
ડાળીથી પર્ણ ખરતું એવું કહી શકો છો,
કે સ્વાર્થ જ્યાં ભળે એ હસ્તાક્ષર શું કામનાં એ?
કેવો ઉમંગ રે'તો, આંખોમાં આભ ભરતી,
પ્લાસ્ટર દિવાલનું ક્યારે તૂટયું ખબર નથી કંઈ!
આદિ કહું કે અંત છે,આ જિંદગીમાં જાણે!
ઈંટો દેખાય ભીંતે જે પોપડા ખરે ત્યાં!
કરતું વફા ન કોઈ, મેં એય જાણી લીધું,
ખુદમાં રહીને ખુદનાં બસ ભાવ પાથરું છું.

અંજના ગાંધી "મૌનુ" વડોદરા (હાલ અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 0086**

વિષય : વસંતનાં વધામણાં
પ્રકાર : પદ્ય

વાસંતી વાયરો વાયો ને હૈયે ફૂંટી નાની - શી કૂંપળ,
ઉગ્યો કુમળો સ્પર્શ, ને બરછટ ટેરવાં થયાં સળવળ.
મ્હેંક્યું રોમેરોમ આજ તો, ને મ્હોર્યો કેસુડો ડાળે-ડાળ,
ભરબપોરે ટહુકી મીઠડું કોયલ આજ આંબલિયા ડાળ.
ગહેંક્યો મોરલો કહી ગયો સાનમાં ને થયું મન ચંચળ
નદીએ આવ્યાં નીર ને વહી ગયું આ ઝરણું ખળખળ
વેઠી પાનખર તો આવી વસંત આજ મનને આંગણ,
વસંતનો વૈભવ ક્યાં ટકે? બે ઘડી મનમાં જાગે ફાગણ
માણી લે આ ક્ષણોને 'ઝીલ', ક્યાં લગી શ્વાસોનું પહેરણ,
પાનખરનાં હૈયે ટહુકી રહ્યું છે વાસંતી મહેંકનું સ્મરણ.!!

- વૈભવી જોશી 'ઝીલ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG: NOG NO. S.S. 0059**

વિષય :પ્રેમ સંબંધની દિવાલ ઉપર ચણતર/પ્લાસ્ટર ના હસ્તાક્ષર.
પ્રકારઃ ગદ્ય- વાર્તા.
શીર્ષકઃ'સોનેરી હસ્તાક્ષર માતા-પિતાના'
શબ્દો- ૨૩૦

અમર અને શીલા એટલે શહેરની સુવિખ્યાત મેડીકલ કોલેજની બેનમૂન જોડી.ભગવાન ઉપર શ્રધ્ધા નહીં રાખનારાઓનાં મોંઢામાંથી પણ અનાયાસે શબ્દો અચૂક સરી પડે કે...

'ભગવાને શું જોડી બનાવી છે' ! બંનેનું સૌંદર્ય, સુમધુર વાણી, બધાં સાથેનો સુમેળ ભર્યો વ્યવહાર, ખરેખર શહેરની અનમોલ જોડી ! પાંચ વર્ષમાં, એક બીજાને,ઉંચા અવાજે વાત કરતાં કદી કોઈએ નથી જોયાં.આ છે સાચા શિક્ષણનું શ્રેષ્ઠ ઉદાહરણ! મકાન બનાવવા માટે દિવાલનું ચણતર આવશ્યક અને તેની મજબૂતી માટે ચણતર ઉપર પ્લાસ્ટર અતિ આવશ્યક.તેમ જ પ્રેમભર્યા અને સુખી લગ્નજીવન માટે બે હૂંફાળા પ્રેમી દયને પણ પ્રેમના પ્લાસ્ટર ઉપર વફાદારી અને નિસ્વાર્થ પ્રેમના હસ્તાક્ષર અતિ આવશ્યક તેવું શીલાને પ્રથમ પ્યારના અનુભવે સમજાયું હતું અને આ બન્ને, તેને સહજતાથી સજાવતાં હતાં. આ સિધ્ધાંતના આધારે શીલાએ અમર ના પ્રેમને આગળ વધાર્યો હતો અને બે હૈયાં એક બીજાનાં જીવનસાથી બની સમગ્ર માનવજાતને એક અદભૂત, અવિસ્મરણીય બોધપાઠ -'જીવો અને જીવવા દોઙ્ક ની કહેવતને યથાર્થ ઠરાવી રહ્યાં છે . કોલેજના વાર્ષિકોત્સવમાં જયારે બન્નેનાં માતા-પિતાએ કોલેજનાં ડીનના મુખેથી આ જોડીનાં ભરપૂર વખાણ સાભંળીને બંનેનાં માતા-પિતાએ ત્યાંજ મેરેજ રજીસ્ટર્ડ કરનારને બોલાવી, અમર શીલાના પ્લાસ્ટર ઉપર ખુશીનાં સોનેરી હસ્તાક્ષર કર્યા ત્યારે શહેરની પ્રસિધ્ધ કોલજની ખ્યાતિ ઝળહળી ઉઠી.સાર - એક ની જગ્યાએ, બે દેખાય, અત્તરની જગ્યાએ આયોડેક્સ આવે, અને શરીર સાથ ન આપે તે પહેલાં, આપણે સૌ સાચા પ્રેમની પરિભાષા શીખી લઈએ તે ઉત્તમ ગણાશે.

જયકાન્ત ઘેલાણી 'પ્યારે'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:004**

વિષયઃ પ્રેમ સંબંધના ચણતર,પ્લાસ્ટરમાં હસ્તાક્ષર★
શબ્દોઃ૩૫૦
પ્રકારઃગદ્ય વાર્તા
શીર્ષકઃ હિતાર્થ

હિતાર્થને પ્રકૃતિ સાથે ખૂબ લગાવ તેથી તે ફરતો રહેતો. ક્યારેક ક્યારેક તેના માતા પિતા તેને હવે સ્થાયી થઈ જીવન વસાવવાનું સમજાવતા હતાં. મસ્તમૌલા હિતાર્થ બંધનમાં પડવા જ નહોતો માંગતો. થોડું આમતેમ કરી રળી લેતો ને થોડા પૈસા ભેગા થાય કે બિસ્ત્રો બાંધી નીકળી પડતો.થોડા પૈસા બચતા ને તે પાછો ફરતો.

ધીરે ધીરે તેની ઉમ્મર પણ વધતી હતી , તે પાંત્રીસ વર્ષનો થયો. તે હવે વધુ ને વધુ ઘર બહાર રહેવા લાગ્યો.

મા બાપે પણ આશા છોડી દીધી હતી.એક વાર તે આમ જ જંગલમાં ફરી રહ્યો હતો, પથ્થરીલી જમીન હતી ને તેની
વચ્ચેથી નાનું ઝરણું વહેતું હતું. ઠંડી પણ હતી. તેણે તેનું
માઉથઓર્ગન કાઢ્યું અને ધીમું સંગીત ચાલું કર્યુ . તેના સૂર હતા," અકેલા હું યારો.." ત્યાં જ એની નજર સામે કિનારે એક સિંહ સિંહણનું જોડું જોયું. જોયું તો સિંહણ ઘાયલ હતી સિંહ તેની બાજુમાં બેસી લાચાર નજરે જોય રહ્યો હતો.

હિતાર્થ તો ગભરાયા વગર તે બન્નેની નજીક ગયો. ધીરે ધીરે સિંહણનો ઘા તેની પાસેનાં સ્ટીલના મગથી પાણી લાવી સાફ કર્યો. સિંહ તો સમજદાર મર્દની જેમ દૂર બેસી જોઈ રહ્યો. થોડી વાર રહી સૂકા લાકડાં ભેગા કરી તેણે આગ પેટાવી અને સિંહણને તેની નજીક સુવાડી.પોતાના કપડાંમાંથી સુતરાઉ લેંઘો કાઢી તેણે ચીરી કાઢ્યો ને સાથે રાખતો ટેલક્મ પાવડરથી સિંહણનો ઘા ભર્યો ને ધીમે ધીમે તેને પંપાળવા લાગ્યો.માણસ માત્રથી સચેત રહેનાર જાનવર આજે તેના કહ્યાંમાં રહી ફક્ત જોઈ જ રહ્યો હતો.ચાર પાંચ દિવસ આ ક્રમ ચાલ્યો. ઝરણાંનાં વહેતાં પાણીમાં રહેલા કુદરતી ખનીજ ને રસાયણથી સિંહણ સાજી થવા લાગી.હિતાર્થ આ દરમ્યાન કંઈક અંશે બદલાવા લાગ્યો. સિંહણની આંખોમાં તેને કૃતજ્ઞતા દેખાતી હતી. ખુશ થવાને બદલે તે નિરાશ થતો. આજ સુધી તેને કોઈ બંધન નહોતું બાંધી શક્યું તો આ કેવો સમય આવ્યો છે કે આ સિંહણે તેના હૃદય પર પ્રેમના અતૂટ સંબંધોનું ચણતર કરી તેની પર જાણે પ્રેમના હસ્તાક્ષર કરી દીધાં હતાં.એ કિનારે જ તંબુ બાંધી તે રહેતો હતો. સિંહ સિંહણ બહાર સૂઈ રહેતા. રાત્રે તે નક્કી કરી સૂઈ ગયો કે તે સવારે નીકળી જશે. પ્રાણી તો પ્રાણી છે. તે ક્યાં સુધી અહીં રહી શકશે.સવારે સૂર્યની પહેલી કિરણ પડતાં જ ઝરણાંના નીર ઝગમગી રહ્યાં હતાં.પંખી કલરવ કરી રહ્યાં હતાં. વૃક્ષો મંદ પવનથી લહેરાય રહ્યાં હતાં, પણ મૂક સિંહ સિંહણ ધીરે ધીરે જંગલ તરફ જઈ રહ્યાં હતાં.હિતાર્થની પાંપણો પર ભીનાશ બાઝી હતી.

જયશ્રી પટેલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:0110**

વિષયઃ પ્રેમ સંબંધના ચણતર,પ્લાસ્ટરમાં હસ્તાક્ષર
શબ્દોઃ૩૪૬
પ્રકારઃ ગદ્ય-લઘુવાર્તા
શીર્ષકઃ જીવનની સંધ્યાએ

સાંજના સમયે ૬૫ વર્ષની ઉંમર વટાવી ચૂકેલા નિવૃત્ત મધુકાન્ત તેમના ઘરના બગીચામાં હીંચકા ઉપર બેઠાં ધીરે-ધીરે ઝુલી રહ્યા હતાં. સાથે ધીમા અવાજે ગીત ગણગણાવી રહ્યા હતાં. 'જિંદગી... હો જિંદગી, મેરે ઘર આના... આના જિંદગીઙ્ક. તેમના પત્ની માલિનીબહેન હાથમાં ટ્રે સાથે ચાના પ્યાલા લઈને આવ્યા અને તેમની સામે ખુરશી લઈને બેઠા.

મધુકાન્તે ગીત ગણગણવાનું અટકાવીને માલિનીબહેનની નજરમાં નજર મિલાવી હાથમાં ચાનો પ્યાલો લીધો. વરસાદ પછીનો ઉઘાડ હતો. વાતાવરણમાં ભીની માટીની ખુશ્બુ આવી રહી હતી. સૂર્યના આછા કિરણોમાં બંને ચાની ચુસ્કી લેતાં લેતાં મનમાં ચાલતા વિચારોને વેગ આપી રહ્યા હતાં. થોડા સમય પછી મૌન તોડતાં માલિનીબહેન બોલ્યા, મધુકાન્ત, શું વિચારી રહ્યા છો? છેલ્લા ૩૮ વર્ષથી હું તમારી આંખોના ભાવ અને કપાળની રેખાઓ જોતી આવી છું. તમે ન બોલો તોપણ તે બોલી જ જાય છે.

મધુકાન્તે મૌન તોડતાં કહ્યું, બોલ માલિની, તારું શું કહેવું છે? આપણે આપણા એકના એક દીકરા પરીનની લાગણી અને આગ્રહને વશ થઇને તેની પાસે કાયમ માટે રહેવા અમેરિકા જવું જોઈએ? અહીં ભગવાનની દયાથી પૈસે ટકે કે રહેવા ખાવા-પીવાથી આપણને કોઈ દુઃખ નથી. સરસ ઘર છે, પોતાના સગાંવ્હાલા અને બંનેનું સરસ મિત્રવર્તુળ છે. હજુ સુધી આપણું સ્વાસ્થ્ય પણ આપણને સાથ આપતું આવ્યું છે. ભવિષ્યની કાંઈ ખબર નથી.

માલિની, તેં જિંદગીભર મને ઘણું આપ્યું છે. હવે તને આનંદની પળો આપવાનો સમય મારો છે. આપણે જીવનને માણવું છે, ઉજવવું છે. આ બધું ત્યારે જ શક્ય બને જ્યારે આપણે આપણી ગમતી જગ્યાએ, ગમતા લોકો વચ્ચે રહી શકીએ, જીવી શકીએ. આપણે બંને જીવનભર ઘણું દોડ્યા, ઘણું થાક્યા. હવે વિરામ જોઈએ છે. મધુકાન્તે માર્મિક રીતે હસતાં હસતાં કહ્યું, અત્યારે જેમ આપણે આપણી અંગત પળો ચાની ચુસ્કી લેતાં લેતાં આપણા ઘરમાં ફૂરસદે માણી રહ્યાં છીએ તે અમેરીકામાં ક્યાંથી લાવશો? મારી જિંદગીની ગાડીનું સ્ટીયરીંગ મારે કોઈને હવાલે નથી કરી દેવું.માલિનીબહેનના ચહેરા પર આછું સ્મિત રેલાઈ ગયું. માત્ર એટલું જ બોલ્યા, મધુકાન્ત, જ્યાં તમે ત્યાં હું. હું તમારો પીછો છોડવાની નથી અને તમને મારો પીછો છોડવા દેવાની નથી. અવારનવાર અમેરિકા જતા આવતા રહીશું પણ જિંદગી તો અહીં જ માણીશું. અને હા, આવતીકાલ સવારની મસાલેદાર ચા તો મધુકાન્ત જ પીવડાવશે. બોલો મંજૂર?

મધુકાન્તની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં. માલિનીબહેનનો હાથ બે હથેળી વચ્ચે દબાવી ફરી ગીત ગણગણવા લાગ્યા. 'જિંદગી... હો જિંદગી, મેરે ઘર આના... આના જિંદગીઙ્ક.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

## ત્રીજી લહેરમાં ૪૦ દિવસમાં ૩.૬૨ લાખથી વધુ કોરોનાના કેસ નોંધાયા : ૫૦૧ દર્દીના મોત

# રાજ્યમાં પહેલી-બીજી લહેર કરતા પણ વધુ ઝડપે મૃત્યુઆંક અને કેસ વધ્યા



અમદાવાદ,

રાજ્યમાં કોરોનાના કેસમાં ૨૭મી ડિસેમ્બર ૨૦૨૧ બાદથી ઉછાળો જોવા મળી રહ્યો છે. આ બાદથી ૪ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીના ૪૦ દિવસમાં ૩ લાખ ૬૨ હજાર ૪૬૫ કેસ નોંધાઈ ચૂક્યા છે. જ્યારે આ જ સમયગાળા દરમિયાન ૫૦૧ દર્દીઓના કોરોનાથી મોત થયા છે. એટલે કે ૪૦ દિવસમાં ૫૦૦થી વધુ દર્દીઓ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો. તેમાં પણ ૬૨ ટકા મોત (૩૧૨ મોત) માત્ર ૨૬ જાન્યુ.થી ૪ ફેબ્રુઆરી સુધીના ૧૦ દિવસમાં જ થયા છે. આ દરમિયાન ૧લી ફેબ્રુઆરીના રોજ એક જ દિવસમાં સૌથી વધુ ૩૮ દર્દીઓના કોરોનાથી થયા. આમ રાજ્યમાં ૪૦ દિવસમાં દર ૭૨૩ કેસની સામે ૧ દર્દીનું કોરોનાથી મોત થયું. કોરોનાની બીજી લહેરની વાત કરીએ તો, ૨૨ ફેબ્રુઆરીથી ૧૩ એપ્રિલ ૨૦૨૧ વચ્ચેના ૫૧ દિવસમાં કુલ ૯૩૧૦૨ દર્દીઓ કોરોના પોઝિટિવ થયા. જોકે ઓછા કેસ હોવા છતાં ૫૧૭ દર્દીઓના મોત આ સમયગાળા દરમિયાન થયા હતા. જેમાં ૧૩ એપ્રિલના રોજ એક જ દિવસમાં રાજ્યમાં ૬૭ દર્દીઓના કોરોનાથી મોત થયા. આમ ૫૧ દિવસમાં દર ૧૮૦ કેસની સામે ૧ દર્દીનું કોરોનાથી મોત થયું. ગુજરાતમાં ૧૯મી માર્ચ ૨૦૨૦ના રોજ કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હતો. જ્યારે ૨૨મી માર્ચે પ્રથમ દર્દીનું મોત થયું હતું. જોકે આ પછી ૧૧ મે ૨૦૨૦ સુધીના ૫૪ દિવસોમાં રાજ્યમાં ૮૫૧૭ કોરોનાના કેસ નોંધાયા હતા. આ દરમિયાન ૫૧૩ દર્દીઓના કોરોનાથી મોત થઈ ગયા. જેમાં ૫ મે ૨૦૨૦ના રોજ એક જ દિવસમાં ૪૯ દર્દીઓના કોરોનાથી મોત નોંધાયા હતા. આમ પહેલી લહેરમાં દર ૧૬ કેસની સામે ૧ દર્દીનું કોરોનાથી મોત થયું હતું. ત્રીજી લહેરમાં રાજ્યમાં કોરોનાથી સૌથી વધુ મોત અમદાવાદ જિલ્લામાં થયા છે. શહેર અને જિલ્લામાં ૪૦ દિવસમાં ૧૪૧ લોકોના કોરોનાથી મોત થયા છે. જ્યારે સુરતમાં ૮૬, રાજકોટમાં ૪૭ અને વડોદરામાં ૪૩ દર્દીના મોત થયા છે. જ્યારે જામનગરમાં ૨૫, વલસાડમાં ૨૩, ભરુચમાં ૧૬ તથા નવસારીમાં ૧૨ દર્દીનાં મોત થયા છે.રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેરની અસર હાલમાં થોડી ઓછી થઈ છે. જોકે નવા કેસ અને મૃત્યુની સંખ્યા ઝડપથી વધવા મામલે ત્રીજી લહેર અગાઉની બંને લહેર કરતા ભારે પડી રહી છે. ત્રીજી લહેરના ૪૦ દિવસમાં કોરોનાથી ૩.૬૨ લાખથી પણ વધારે કેસ ગુજરાતમાં નોંધાઈ ચૂક્યા છે. કોરોનાના વધતા કેસની સાથે ત્રીજી લહેરમાં મોત પણ અગાઉની બંને લહેરની સરખામણીએ સૌથી વધુ ઝડપે થયા છે. ગુજરાતમાં કોરોનાની પહેલી લહેરમાં ૫૩ દિવસમાં ૫૦૦થી વધુ દર્દીઓના મોત થયા, જ્યારે બીજી લહેરમાં ૫૧ દિવસમાં ૫૦૦થી વધુ મોત થયા હતા. જ્યારે હાલ કોરોનાની ત્રીજી લહેરમાં માત્ર ૪૦ દિવસમાં જ ૫૦૦થી વધુ દર્દીઓના કોરોનાથી મોત થયા છે. જે દર્શાવે છે કે ત્રીજી લહેરમાં કેસની સાથે મૃત્યુ પામનારા દર્દીઓની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે.

## પાટણમાં ૧૩મીએ ૩૪૮૩૩ ઉમેદવારો બિનસચિવાલય કલાર્કની પરીક્ષા આપશે

પાટણ,

ગુજરાત ગૌણ સેવા પસંદગી નાં મંડળ આયોજિત બિન સચિવાલય કલાર્ક અને સચિવાલય ઓફિસ આસિસ્ટન્ટ વર્ગ-૩ની તારીખ ૧૩. ૨.૨૦૨૨ના રોજ યોજાનાર પરીક્ષામાં પાટણ જિલ્લામાં કુલ ૩૪૮૩૩ ઉમેદવારો પરીક્ષા આપશે. પાટણ જિલ્લાના તમામ શાળા કોલેજ ના બિલ્ડિંગોમાં પરીક્ષા સુચારુરૂપે યોજાય તે માટે જિલ્લા કલેકટરના માર્ગદર્શનમાં અને નિવાસી અધિક કલેકટર ની દેખરેખ હેઠળ આયોજન વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે જેમાં ૧૩ જેટલી બિલ્ડિંગોના ૯૨ બ્લોકમાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ઉપલબ્ધ નથી. જોકે પરીક્ષા સુધીમાં આ અંગેની વ્યવસ્થા થઇ જશે તેવું તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. રાજ્ય સરકાર દ્વારા લેવાનારા આ પરીક્ષામાં મોટી સંખ્યામાં ઉમેદવારો નોંધાયેલ હોય પાટણ જિલ્લામાં કદાચ પ્રથમવાર ૩૪૮૩૩ જેટલી મોટી સંખ્યામાં ઉમેદવારોની ફાળવણી કરવામાં આવેલ છે જેને અનુલક્ષીને જિલ્લામાં ૫ સરકારી અને ૫૯ ગ્રાન્ટેડ શાળાઓ અને ૨૦ સેલ્ફ ફાયનાન્સ શાળાઓ મળી કુલ ૮૪ શાળા બિલ્ડીંગો તેમજ કોલેજોમાં ૬ સરકારી,૩ ગ્રાન્ટેડ અને ૧૮ સેલ્ફ ફાયનાન્સ મળી ૨૭ કોલેજો મળી ૧૧૧ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હોવાનું જાણવા મળ્યું હતું. કોરોના મહામારીની ગાઈડલાઈનનું પાલન કરી એક બ્લોકમાં ૩૦ પરિક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા રાખવામાં આવેલ છે. પરીક્ષા ૨ કલાકની રહેશે, જેનો સમય ૧૧થી ૨ નો રહેશે તેવું જણાવ્યું હતું. આ જાહેર પરીક્ષાના આયોજન અંગે માહિતી આપતા પાટણ જિલ્લા શિક્ષણાધિકારી જયરામ જોશીએ જણાવ્યું હતું કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ આયોજિત આ પરીક્ષામાં પાટણ જિલ્લામાં ૩૪૮૩૩ ઉમેદવારો પરીક્ષા આપનાર છે .જેના માટે જિલ્લાના ચાણસ્મા તાલુકા સિવાય જિલ્લાના અન્ય તમામ ૮ તાલુકાઓમાં અને પાટણ શહેર મળી કુલ ૧૧૧ શાળા-કોલેજોના બિલ્ડિંગોના ૧૧૬૨ બ્લૉકમાં પરીક્ષાનું આયોજન ગોઠવવામાં આવ્યું છે . તેમણે જણાવ્યું કે પાટણ જિલ્લામાં આ પરીક્ષા અંતર્ગત બે ઝોન પાડવામાં આવેલ છે જેમાં પાટણ ઝોનમાં ૭૯ બિલ્ડિંગોમાં ૮૬૯ બ્લોકમાં ૨૬૭૦ પરીક્ષાર્થીઓ માટે બેઠક વ્યવસ્થાનું આયોજન કરેલ છે જ્યારે રાધનપુર ઝોનમાં ૩૨ બિલ્ડિંગોમાં ૨૯૩બ્લોકમાં ૮૦૦૦ ૭૬૩ પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

## વડનગર પાસે રાત્રી દરમિયાન ગાડી ચાલકે બાઈકને ટક્કર મારતા બે લોકોને ઈજા

મહેસાણા,

વડનગર પાસે ગઈ કાલે રાત્રી દરમિયાન કેસીમ્પા ગામથી પાટીતા બસ સ્ટોપ નજીક આર્ટિગા ગાડીના ચાલકે પોતાની ગાડી પુરઝડપે ચલાવી બાઈક પર સવાર બે લોકોને ટક્કર મારી હતી. ઘટનામાં બાઈક પર સવાર માલાભાઈના માથે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યાં બીજી બાજુ પ્રજાપતિ દર્શન નામના વ્યક્તિને પણ માથાના ભાગે અને શરીરે ઈજાઓ પહોંચી હતી. રાત્રે બનેલી ઘટનાની જાણ આસપાસના લોકોને થતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

### સ્ટેડિયમમાં પ્રેક્ષકોને એન્ટ્રી ન હોવા છતાં ફેન્સ સ્ટેડિયમની બહાર પહોંચ્યા

# વિરાટ કોહલીએ માથું હલાવી ફેન્સનો આભાર માન્યો

અમદાવાદ,

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે યોજાનારી મેચના પગલે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. સ્ટેડિયમના ગેટથી તમામ લોકોને દૂર રાખવામાં આવી રહ્યાં છે. રોડ પર ફૂટપાથ પર ઉભા રહી અને લોકો ટીમની રાહ જોતા જોવા મળ્યા હતા. ભારતીય ક્રિકેટ ટીમ આવતા લોકોએ હાથ હલાવી અને તેઓને આવકાર્યા હતા. ભારતીય ક્રિકેટ ટીમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પહોંચતા જ ફેન્સ ક્રિકેટરોની એક ઝલક માટે ઉમટી પડ્યા હતા. સ્ટેડિયમની બહાર તિરંગા સાથે ફેન્સ ટીમને ઉત્સાહ વધારવા માટે પહોંચ્યા હતા. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે આજથી ૩ મેચની વનડે સિરીઝ શરૂ થઈ રહી છે. બંને ટીમો વચ્ચેની આ






મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. આ ફોર્મેટમાં ભારતીય ક્રિકેટ ટીમની આ ૧૦૦૦મી મેચ હશે. વિશ્વમાં પ્રથમ વખત કોઈ ટીમ ૧૦૦૦ વનડે રમવાનો માઈલસ્ટોન હાંસલ કરશે. ટીમ ઈન્ડિયા માટે ૧૦૦મી વનડે ઘણી ખાસ બની રહી છે. ભારતે તેની પ્રથમ વનડે ૧૯૭૪માં ઈંગ્લેન્ડ સામે રમી હતી. ૪૮-વર્ષના ODI ઈતિહાસમાં મેન ઇન બ્લુએ બે વર્લ્ડ કપ (૧૯૮૩, ૨૦૧૧) જીત્યા છે. ટીમે ૨૦૦૦ અને ૨૦૧૩માં ICC ચેમ્પિયન્સ ટ્રોફી પણ જીતી હતી. વિરાટ કોહલીને કેપ્ટનપદેથી હટાવ્યા બાદ ફુલ ટાઈમ વનડે કેપ્ટન તરીકે રોહિત શર્માની આ પ્રથમ સિરીઝ હશે. તેમજ વિરાટ પ્રથમ વખત રોહિતની કેપ્ટનશીપમાં રમતો જોવા મળશે. રોહિત વિરાટનો છઠ્ઠો વનડે કેપ્ટન હશે. આ પહેલા વિરાટ ( ધોની, વીરેન્દ્ર સેહવાગ, સુરેશ રૈના, ગૌતમ ગંભીર અને કેએલ રાહુલ)ની કેપ્ટનશીપમાં રમી ચૂક્યો છે.અમદાવાદના મોટેરા ખાતે આવેલા નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં આજે ભારત અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે પહેલી વન ડે મેચ યોજાવવાની છે. કોરોનાના કારણે પ્રેક્ષકો વગર આ મેચ રમાવવાની છે. તેમ છતાં આજે સવારથી જ સ્ટેડિયમની બહાર પ્રેક્ષકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. લોકો સ્ટેડિયમની બહાર ભારતીય ટીમનો ઉત્સાહ વધારવા પહોંચ્યા હતા. લોકો ખેલાડીઓને જોવા માટે રાહ જોઈ રહ્યાં હતા. ભારતીય અને વેસ્ટ ઈન્ડિઝની ક્રિકેટ ટીમ આવતાં લોકો મોબાઈલમાં વીડિયો ઉતારવા લાગ્યા હતા. વિરાટ કોહલીને જોઈ ક્રિકેટ રસિયાઓએ ચીઅર અપ કર્યું હતું.

### વહેલી તકે ગટર લાઈનો સાફ કરાવીને ઉભરાતી ગટરો બંધ થાય તેવી ઉગ્ર માંગ

# ડાકોરમાં જાહેર માર્ગો ઉપર ગટરોનાં પાણી ઉભરાતાં ભારે હાલાકી

અમદાવાદ,

સમગ્ર ભારત દેશમાંથી વિવિધ સ્થળોએથી દૂર દૂરથી દર્શનાર્થીઓ ભગવાન રાજા રણછોડરાયજીના દર્શન કરવા માટે આવે છે. આ પાવન ધામમાં દર્શનાર્થીઓ ભારે ભક્તિમય વાતાવરણ વચ્ચે આવતા હોય છે. જેમાં મંદિરને જોડતા માર્ગોમાં છાસવારે ગટરો ઊભરાતી હોય છે અને તેમાંથી દુર્ગંધ વાળુ ગટરનું પાણી ડાકોરના મુખ્ય માર્ગો ઉપર ફરી વળે છે. જેને લઈને આવનારા યાત્રાળુઓ તથા ડાકોરના નાગરિકોમાં ભારે રોષ જોવા મળે છે. ધાર્મિક સ્થાનોમાં સ્વચ્છતાના બદલે ગંદકી જોવા મળતા ડાકોરના પાલિકા તંત્રની બેદરકારીભરી છબી લઈને યાત્રાળુ પોતાના વતનમાં પરત ફરે છે. હાલ આવી જ પરિસ્થિતિ રણછોડરાય ભગવાનની ગૌશાળા પાસે મંદિર જવાના મુખ્ય માર્ગ પર ઉભરાતી ગટરોના દુર્ગંધ વાળા પાણીથી સર્જાઈ છે.

ડાકોર દર્શને આવનારા દર્શનાર્થીઓ તેમજ ડાકોરના નગરજનોને ગૌશાળાથી કંકુ દરવાજા સુધી ઉભરાતી ગટરોના દુર્ગંધયુક્ત પાણીમાંથી પસાર થવું પડી રહ્યું છે. ડાકોરમાં દર્શન માટે ઉઘાડા પગે આવનાર યાત્રાળુઓને ગટરના દુર્ગંધવાળા ગંદા પાણીમાંથી ઉઘાડા પગે પસાર થવું પડે છે તથા નિત્ય પોતાના રાબેતાના જીવન માટે અવરજવર કરતા ડાકોરના સ્થાનિક નાગરિકોને પણ વારંવાર આ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઉભરાતી ગટરોથી સમગ્ર વાતાવરણમાં દુર્ગંધ ફેલાય છે. મહત્વની વાત તો એ છે કે આ રસ્તો ડાકોર નગર પાલિકાને પણ જોડતો રસ્તો છે.

પાલિકામાં કામ કરવા માટે જતા કર્મચારીઓ, સત્તાધીશો, પ્રમુખ મેમ્બરો નાગરિકો સૌ કોઈ આ રસ્તેથી પસાર થાય છે. તેમ છતાં પણ ઉભરાતી ગટરોની સમસ્યાનું કાયમી સમાધાન આવતું નથી. વહેલી તકે ગટર લાઈનો સાફ કરાવીને ઉભરાતી ગટરો બંધ થાય તેવી ઉગ્ર માંગ પ્રબળ બની છે.





આજ રોજ વાસણા નગર ની સેવા વસ્તી ના બાળકો માં biscucit વિતરણ કરવા માં આવ્યું.

### પાંચ બંધ મકાનના તાળા તોડ્યા પણ એકપણ ઘરમાંથી કોઈ કિંમતી ચીજવસ્તુઓ મળી નહી

# ગાંધીનગર-અમદાવાદમાં ઈકો કારની ચોરી સહિત ઘરફોડ ચોરીના ૮ ગુનાને અંજામ આપનાર ત્રણ ચોર ઝડપાયા

ગાંધીનગર

ગાંધીનગરનાં સમૌ ગામથી તાજેતરમાં ઈકો કારની ચોરી કરીને ખાત્રજથી કલોલ તરફ જતાં બે ચોરને બાઈક લઈને મળવા આવેલા ત્રીજા ચોરને પણ બોરીસણા બસ સ્ટેન્ડ પાસેથી લોકલ ક્રાઈમ બ્રાંચે પૂર્વ બાતમીના આધારે ઝડપી લઈ ઈકો કાર ચોરી સહિત ઘરફોડ ચોરીના ૮ ગુનાનો ભેદ ઉકેલી દેવામાં આવ્યો છે. આ રીઢા ઘરફોડ ચોરો પાસેથી ૪ લાખ ૭૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરી નાસતા ફરતા ચોથા ચોરને ઝડપી લેવા પોલીસે કવાયત હાથ ધરી છે.

ગાંધીનગરમાં ઈકો કારની ચોરીના વધતા જતા ગુનાઓ પર અંકુશ મેળવવા જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ આપેલી સૂચના ના પગલે લોકલ ક્રાઈમ બ્રાંચ પીઆઈ એચ પી ઝાલાનાં સુપરવિઝન હેઠળ સ્ટાફના માણસો કલોલ વિસ્તારમાં પેટ્રોલીગ કરી રહ્યા હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે તાજેતરમાં સમૌ ગામથી ચોરાયેલી ઈકો કાર સાથે બે ઈસમો ખાત્રજ થી કલોલ તરફ જવાના છે.જે અન્વયે એલસીબીની ટીમનાં માણસો બોરીસણા બસ સ્ટેન્ડ વિસ્તારમાં છૂટા છવાયા વોચમાં ગોઠવાઈ ગયા હતા. એ દરમ્યાન બાતમી મુજબની ઈકો કાર લઈને બે ઈસમો આવી પહોંચ્યા હતા. ત્યારે આ ઈસમો પાસે બાઈક લઈને એક ઈસમ પણ આવી પહોંચ્યો હતો. જેથી વોચમાં ગોઠવાયેલી એલસીબીની ટીમે ચારે દિશા કોર્ડન કરીને ત્રણેયને ઝડપી પાડયા હતા.જેમની કડકાઈથી પૂછતાંછ કરતાં તેમણે પોતાના નામ રતનસિંઘ દિલાવરસિંઘ પટવા (રહે. વીરમગામ), અર્જુનસિંઘ ઈશ્વરસિંઘ ટાંક (રહે. મહેમદાવાદ, ખેડા) અને સમશેર સિંઘ કાલુસિંઘ ટાંક (રહે. અરવિંદ મિલ બહાર છાપરામાં,



કલોલ) હોવાનું જણાવ્યું હતું. બાઈક સવાર સમશેરસિંઘ પાસેથી પોલીસને સોના ચાંદીના દાગીના મળી આવતાં તેની વધુ કડકાઈથી પૂછતાંછ કરતાં તેણે કબુલાત કરી હતી કે તેણે ઉક્ત ઈસમો સાથે ભેગા મળીને સમૌ ગામથી ઈકો કારની ચોરી કરી હતી.

આ ઉપરાંત દસેક દિવસ અગાઉ મોખાસણ ગામે બંધ મકાનનું તાળું તોડી દાગીના ચોર્યા હતા. બાદમાં ચોરીની ઈકો કાર લઈને સોજા ગામે પણ બંધ મકાનનું તાળું તોડયું હતું. પરંતુ અહીંથી પણ કોઈ કિંમતી ચીજ વસ્તુ મળી આવી ન હતી. એટલે તેજ રાત્રીએ કોઠા અને પલીયડ ગામમાં પણ ચાર બંધ મકાનોમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો.

બાદમાં અન્ય ચોથા સાગરિત કરણસિંઘ બિલ્લો સિંઘ (મહેમદાવાદ) સાથે ૧૪ મી જાન્યુઆરીનાં રોજ ભોજવા ખાતેથી ઈકો કારની ચોરી કરી હતી. આ સિવાય અમદાવાદના વીરમગામની વૃંદાવન સોસાયટીમાં બંધ મકાનનું તાળું તોડી ૪૦ હજાર રોકડા ચોર્યા હતા. બાદમાં વીરમ ગામની રેલ નગર સોસાયટીમાં પણ ચોરીનો પ્રયાસ કર્યો હતો.

જેનાં પગલે એલસીબીએ ત્રણેય ચોરોની ધરપકડ કરીને સોના ચાંદીના દાગીના, ત્રણ મોબાઈલ, ઈકો કાર અને બાઈક મળીને કુલ રૂ. ૪ લાખ ૭૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરી નાસતા ફરતા કરણસિંઘને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે રીઢા ચોર ઈકો કારની ચોરી કરીને તેજ કારમાં ઘરફોડ ચોરી કરવા માટે નીકળતા હતા. પરંતુ મોટાભાગે તેઓએ સફળતા મળી નથી.

# ધાનેરા તાલુકા પંચાયતમાં રૂ.૫૦૦ ની લાંચ લેતાં ઝડપાયેલા મદદનીશ ઈજનેરને ૩ વર્ષની સજા

૧૧ વર્ષ અગાઉ ધાનેરા તાલુકા પંચાયતમાં મકાનની સહાયના હપ્તા માટે ૫૦૦ રૂપિયાની લાંચ લેનાર મદદનીશ ઈજનેર નિતિન ડાહ્યાભાઈ ચૌહાણને ડીસાના બીજા એડીશનલ સેશન્સ જજે ત્રણ વર્ષની સાદી કેદ અને રૂપિયા ૧૫ હજારનો દંડ ફટકાર્યો છે. ધાનેરાના એક ગામના ગૃહસ્થે ૩૧ મે-૨૦૧૧ ના રોજ બીપીએલ લાભાર્થીને પ્લોટ ઉપર મકાન બનાવવા માટે ઈન્દિરા આવાસ યોજના હેઠળ કાગળો તૈયાર કરી ધાનેરા પંચાયત કચેરીમાં આપ્યા હતા.

### પોલીસને ગુમરાહ કરવા નંબર પ્લેટ બદલી ને રાજસ્થાન બોર્ડર ક્રોસ કરીને ગાંધીનગરમાં પ્રવેશ્યા હતા

# રાજસ્થાનથી અમદાવાદ લઈ જવાતા દારૂના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા, ૬.૩૯ લાખનો મુદ્દામાલ કબજે કરાયો

ગાંધીનગર

રાજસ્થાનના જાંબુડી ખાતેથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરી પોલીસને ગુમરાહ કરવા એસયુવી કારની નંબર પ્લેટ ખોટી લગાવીને રાજસ્થાન બોર્ડર ક્રોસ કરી ગાંધીનગર થઈને અમદાવાદ ડીલીવરી આપવા નીકળેલા બે શખ્સોને રાંધેજા ચાર રસ્તાથી પૂર્વ બાતમીના આધારે ઝડપી લઈ પેથાપુર પોલીસે દારૂના જથ્થા સાથે રૂ. ૬ લાખ ૩૮ હજાર ૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરનાં રાંધેજા ચાર રસ્તાથી પેથાપુર પોલીસે વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરીને પસાર થતી એસયુવી કારને પૂર્વ બાતમીના આધારે ઝડપી લેવામાં આવી છે. પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ મૂળરાજસિંહ એસ પરમાર સ્ટાફના માણસો સાથે પોતાની હદ વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે વખતે બાતમી મળી હતી કે બાલવા તરફથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી એસયુવી કાર અમદાવાદ તરફ જવાની છે.

જેનાં પગલે પોલીસ કુમક દ્વારા રાંધેજા ચાર રસ્તા પર વૉચ ગોઠવીને બાઝ નજર રાખવામાં આવી હતી. ત્યારે બાતમી મુજબની કાર આવી પહોંચતા જ તેને કોર્ડન કરીને ઉભી રાખી દેવાઈ હતી. બાદમાં પોલીસે કાર સવાર ઈસમોની પૂછતાંછ કરતાં તેમણે પોતાના નામ સુરેન્દ્રસિંહ ઉમેદસિંહ રાઠોડ તેમજ કાંતિલાલ ગરાસિયા (બંને રહે. આબુરોડ શિહોર રાજસ્થાન) હોવાની કબૂલાત કરી હતી.પોલીસે કારની તલાશી લેતાં અંદરથી ૧ લાખ ૩૨ હજારની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. આથી બંને ખેપીયાની કડકાઈથી પૂછતાંછ કરતાં આ દારૂનો જથ્થો રાજસ્થાનનાં જાંબુડી ખાતેથી રાહુલ ચૌહાણ અને ઈશ્વરસિંગ નામના ઈસમોએ કારમાં ભરી આપ્યો હતો. અમદાવાદ પહોંચીને રાહુલ ચૌહાણનાં કહેવા મુજબ સુરેન્દ્રસિંહ રાઠોડને ડીલીવરી કરવાની હતી.જયારે પોલીસ તપાસમાં કારનો નંબર ખોટો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. જેથી ફરીથી બંનેની પૂછતાંછ કરતાં પોલીસને ગુમરાહ કરવાં માટે ખોટી નંબર પ્લેટ લગાવીને રાજસ્થાન બોર્ડર ક્રોસ કરી ગાંધીનગર થી અમદાવાદ જતાં હોવાની પણ વધુમાં કબૂલાત કરી હતી. જેનાં પગલે પોલીસે ૧ લાખ ૩૨ હજારની કિંમતનો દારૂ, એસયુવી કાર અને બે મોબાઈલ ફોન મળીને કુલ રૂ. ૬ લાખ ૩૮ હજાર ૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીએ લતા મંગશકરને ડી લીટની પદવીથી નવાજ્યા હતા

વડોદરા,

ભારત રત્ન લતા મંગેશકરને વર્ષ ૨૦૦૫ના ઓક્ટોબર મહિનામાં યોજાયેલા પદવીદાન સમારંભમાં ડી લીટ (ડોક્ટરેટ)ની માનદ પદવી વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં.ભારત રત્ન લતા મંગેશકરનું મુંબઇ ખાતે નિધન થયું છે. લતા મંગેશકરની વડોદરા સાથે પણ એક યાદગીરી જોડાયેલી છે. તેમને એમ.એસ. યુનિવર્સિટીની ડી લીટની પદવીથી નવાજવામાં આવ્યા હતાં. ૮ જાન્યુઆરીએ ૯૨



વર્ષીય લતાજીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જે બાદ તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેઓ દાખલ થયાના સમાચાર પણ બે દિવસ પછી ૧૦ જાન્યુઆરીએ સામે આવ્યા હતા. તેઓ ૨૯ દિવસ સુધી કોરોના અને ન્યુમોનિયા બંને સામે એકસાથે લડી રહ્યા હતા. તેમને બ્રીચ કેન્ડી હોસ્પિટલના આઈસીયુમાં રાખવામાં આવ્યા હતા. લાંબા સમયથી લતાજીની સારવાર કરી રહેલા ડો.પ્રતાત સમધાનીની દેખરેખ હેઠળ તબીબોની ટીમ લતાજીની સારવાર કરી રહ્યા હતા. સારવાર દરમિયાન તેમની તબિયતમાં પણ સુધારો જોવા મળી રહ્યો હતો. તેમનેસતત દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા. લગભગ ૫ દિવસ પહેલા તેમની તબિયતમાં પણ સુધારો થવા લાગ્યો હતો. ઓક્સિજન દૂર કરાયો હતો પણ ICUમાં જ રખાયા હતા. જો કે આજે તેમણે અંતિમ શ્વાસ લીધા છે.

# નર્મદા કેનાલના પાણીમાં લીલ-શેવાળ આવતા વડોદરાના પશ્ચિમ ઝોનમાં પાણી વિતરણનો સમય ઘટાડ્યો

વડોદરા,

વડોદરા મહાનગરપાલિકા પાણી પુરવઠા શાખા હસ્તક શેરખી ઈનટેક વેલ પાસે આવેલ સરદાર સરોવર નિગમ લિમિટેડ હસ્તક કેનાલમાં આવતી લીલ-શેવાળના કારણે શેરખી ઈનટેક વેલ ખાતે પંપીગ દ્વારા ખાનપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે જે પાણી પુરવઠો પહોંચાડવામાં આવે છે તેમાં ઘટાડો થયો હોવાથી ખાનપુર વોટર ટ્રિટમેન્ટ બેઝ શહેરના પશ્ચિમ ઝોન ખાતેની ગાયત્રીનગર ટાંકી, વાસણા ટાંકી, હરિનગર ટાંકી અને માંજલપુર ટાંકી ખાતેથી પાણીની ઉપલબ્ધતા મુજબ ૧૦થી ૧૫ મિનિટ કાપથી પાણી વિતરણ કરવામાં આવશે. વડોદરા શહેરમાં બે વર્ષ પહેલા દૂષિત પાણીની સમસ્યા ઉભી થઇ હતી. જેને લઇને વારંવાર પાણી કાપ મૂકવામાં આવતો હતો. આ ઉપરાંત મેઈન્ટનન્સ અને ભંગાણને કારણે પણ અનેક વખત પાણી કાપ જાહેર કરવામાં આવે છે અને લોકો એકથી લઇને ૪ દિવસ સુધી પાણીની સમસ્યાને લઇને મુશ્કેલીમાં મૂકાઇ જાય છે. વડોદરા શહેરમાં મેઈન્ટનન્સ અને લીકેજ સહિતની કામગીરીને લઇને વારંવાર પાણી કાપ જાહેર કરવામાં આવે છે, જેને પગલે વડોદરાની પ્રજા ત્રસ્ત થઈ ચૂકી છે.નર્મદા કેનાલમાંથી પીવાના પાણીમાં આવતી લીલ-શેવાળના કારણે ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે પાણી પુરવઠો પહોંચાડવામાં ઘટાડો કરવામાં આવ્યો હોવાથી વડોદરા શહેરના વાસણા, હરિનગર અને માંજલપુર વિસ્તારમાં ઓછો સમય પાણી મળશે.

# ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના કૌટુંબિક કાકાનું પાડોશી સાથેના ઝઘડામાં મર્ડર

સુરત,

સુરતના અડાજણ રતન પાર્ક એપાર્ટમેન્ટમાં લિફ્ટમાં અવર-જવરને લઈ બે પાડોશી વચ્ચે થયેલા ઝઘડામાં વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નિપજતા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મોતને ભેટેલા વૃદ્ધ મહેશભાઈ સંઘવી ગૃહ રાજ્યમંત્રીના કૌટુંબિક કાકા હોવાનું સામે આવ્યું છે. પોલીસે હત્યારાની અટક કરી હોવાનું જાણવા મળ્યું છે. પ્રિતેશ સંઘવી (મૃતકના દીકરા) એ જણાવ્યું હતું કે પપ્પા મહેશભાઈ શાંતિલાલ સંઘવી (ઉ.વ. ૬૩) ડાયમંડના વ્યવસાય સાથે જોડાયેલા હતા. હાલ નિવૃત જીવન જીવી રહ્યા હતા. મહેશભાઈ બે દીકરા અને બે દીકરીઓ છે. ઘટના શનિવાર રાતની છે. સાડા ચાર વાગ્યાના અરસામાં પિતા દીકરી ફોરમ સાથે ખરીદી કરવા નીકળ્યા હતા. પરત ફરતા લિફ્ટમાં ઉપર આવી રહ્યા હતા. ત્યારે બોની કમલેશ મહેતા નામના ઈસમ યુવાન સાથે કોઈ વાત ઉપર બોલાચાલી થતા વાત ઝઘડા સુધી પહોંચી હતી. જેમાં મહેશભાઈને નાકના ભાગે મુક્કો મારતા લોહીલુહાણ થઈ ગયા હતા. વધુમાં જણાવ્યું હતું કે, ગંભીર હાલતમાં મહેશભાઈને સારવાર માટે નજીકની હોસ્પિટલ બાદ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં આજે વહેલી સવારે વૃદ્ધ મહેશભાઈનું કરુણ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ રાંદેર પોલીસને કરાતા પોલીસે હત્યાની કલમ દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

### ગુડા દ્વારા આર્થિક નબળા વર્ગનાં પરિવારો માટે ફ્લેટ ટાઈપનાં આવાસો બાંધવામાં આવશે

# ગાંધીનગરના સરગાસણ, કુડાસણ, વાવોલ અને પેથાપુરમાં નવા ૨૧૦૦ આવાસોની સામે ગુડાને ૪૪૫૫ અરજીઓ મળી

## કુડાસણ પાસે પડતર પડેલા એમઆઈજીના ૩૮ ફ્લેટ ટાઈપ આવાસ માટે ૬૫૫ અરજીઓ આવી : ૨૧૦૦ ફ્લેટ પૈકી કોઈપણ સ્થળે લાભાર્થીને ફ્લેટ મળશે, કિંમત એક સરખી રૂ. ૫.૫૦ લાખ નિયત કરાઈ

ગાંધીનગર

ગાંધીનગરમાં આર્થિક રીતે નબળા વર્ગના પરિવારોને ઘરનું ઘર મળી રહે તે માટે ગુડા દ્વારા સરગાસણ, કુડાસણ, વાવોલ અને પેથાપુરમાં નવા ૨૧૦૦ ફ્લેટ ટાઈપ આવાસ બાંધવાનું આયોજન કરવામાં આવ્યું છે. જો કે આ આવાસોની સામે ૪ હજાર ૪૫૫ અરજીઓ આવી છે. જ્યારે કુડાસણ પાસે પડતર પડેલા એમઆઈજીના ૩૮ ફ્લેટ ટાઈપ આવાસ માટે ૬૫૫ અરજીઓ આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આર્થિક રીતે નબળા પરિવારો માટે અલગ અલગ સ્થળોએ ફ્લેટ ટાઈપ પ્રકારના આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જે મુજબ ગુડા દ્વારા સરગાસણ, કુડાસણ, વાવોલ અને પેથાપુરમાં ફ્લેટ ટાઈપનાં ૨૧૦૦ નવા આવાસો બાંધવામાં આવનાર છે. જે માટે



અરજદારો પાસેથી અરજીઓ પણ મંગાવવામાં આવી હતી. જેમાં સ્ક્રુટિની નાં અંતે ૪ હજાર ૪૫૫ અરજીઓ ગ્રાહ રાખવામાં આવી છે.

આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, ઇડબલ્યુએસ એટલે કે ઇકોનોમિકલી વિકર સેક્સન, આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે બાંધવામાં આવનારા નવા ૧ બેડરૂમ, હોલ કિચન સહિતના આવાસ માટે મળેલી ૪ હજાર ૬૩૨ અરજીની સ્ક્રૂટીની કરવામાં આવી હતી અને તેમાંથી ૪ હજાર ૪૫૫ અરજીઓને લાભાર્થી દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાને નજરે રાખીને મંજુર કરાઈ છે. હવે ડ્રોની પ્રક્રિયામાં આ અરજીઓને સામેલ કરવામાં આવશે.

બીજી બાજુ કુડાસણમાં બાંધવામાં આવેલા પરંતુ અનામતના ટેકનીકલ કારણોસર પડતર રહેલા ૨ બેડરૂમ, હોલ અને કિચન સહિતની સુવિધા ધરાવતા ૩૮ આવાસ મેળવવા માટે ૬૫૫ જેટલી અરજીઓ માન્ય રાખવામાં આવી છે. એટલે કે કે ૧ મકાન માટે ૧૭ જેટલા લાભાર્થી મેદાનમાં હશે. ગુડા દ્વારા ટીપી સ્કીમ નંબર ૭માં સરગાસણ, કુડાસણ, પોરના વિસ્તારમાં પ્લોટ નંબર ૧૮૬માં ૧૨૦૮ ફ્લેટ બંધાશે .જે ૩૬.૯૬ ચોરસ મીટરના રહેશે.

જ્યારે ટીપી સ્કીમ નંબર ૧૩માં વાવોલમાં પ્લોટ નંબર ૩૦૯માં ૨૮૮ ફ્લેટ બંધાશે .જે ૩૪.૧૪ ચોરસ મીટરના અને પ્લોટ નંબર ૩૧૯માં ૫૦૪ ફ્લેટ બંધાશે .જે ૩૫.૬૮ ચોરસ મીટરના રહેશે. જ્યારે ટીપી સ્કીમ નંબર ૧૬માં પેથાપુરમાં પ્લોટ નંબર ૨૧૯માં ૧૦૦ ફ્લેટ બાંધવામાં આવશે. જે સૌથી મોટા ક્ષેત્રફળ ધરાવતા ૩૭.૪૩ ચોરસ મીટરના બાંધવામાં આવનાર છે. આ તમામ ૨૧૦૦ ફ્લેટ પૈકી કોઈપણ સ્થળે લાભાર્થીને ફ્લેટ મળશે, તેની કિંમત એક સરખી જ રૂપિયા ૫ લાખ ૫૦ હજાર નિયત કરવામાં આવેલી છે.

# ઘરકંકાશના સમાધાન માટે આવેલા સાસુ અને નણંદે વહુને મારમરાતા ફરિયાદ

અમદાવાદ,

અમદાવાદની યુવતીના વિરમગામના એક પરિવારમાં લગ્ન થયા હતા. જોકે સાસરીમાં તેના સાસુ-સસરાના ત્રાસના કારણે તેમની સાથે સંબંધો ખરાબ હોવાથી તે છેલ્લા બે મહિનાથી અમદાવાદના ફતેહવાડીમાં પોતાના પિયરમાં રહેતી હતી. જોકે ઘણીવાર તેની નણંદ દ્વારા તેને ઘરે પાછી બોલાવવામાં આવી હતી, પરંતુ મહિલા ત્રાસના કારણે ત્યાં જવા ઈચ્છતી નહોતી.

વૃદ્ધાની ફરિયાદ મુજબ, ગત ગુરુવારે તેમને તેમના એક મિત્ર તરફથી ફોન આવ્યો હતો કે દીકરીની સાસુ અને બે નણંદ સમાધાન માટે તેમના ઘરે આવી રહ્યા છે. ઘરે સમાધાનની ચર્ચા દરમિયાન વૃદ્ધાએ વેવાણ પાસે લેખિતમાં તેઓ તેમની દીકરીને પરેશાન નહીં કરે તે આપવાની માંગણી કરી. જેના પર નણંદ ગુસ્સે થઈને ભાભીને અપશબ્દો કહેવા લાગી અને ધક્કો મારીને માર પણ માર્યો. જ્યારે વૃદ્ધા દીકરીને બચાવવા વચ્ચે પડ્યા તો તેમને પણ માર માર્યો. આ સમગ્ર મામલે મહિલાએ પોતાની મિત્ર સાથે વેજલપુર પોલીસ સ્ટેશનમાં જઈને ત્રણેય મહિલાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.અમદાવાદમાં વહુ સાથે સમાધાન કરવા તેના ઘરે આવેલા સાસુ તથા તેની બે નણંદ દ્વારા માર માર્યા હોવાની ઘટના સામે આવી છે. આ દરમિયાન દીકરીને બચાવવા વચ્ચે પડેલા વૃદ્ધાને પણ માર મારવામાં આવ્યો. જે બાદ વૃદ્ધ મહિલાએ દીકરીના સાસુ-નણંદ સામે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK